

# અધ્યાત્મ

વર્ષ : ૧૫

માર્ચ–૧૯૯૪

અંક : ૬

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

## Form–IV ( See Rule–8 )

| | |
|---|---|
| 1. Place of Publication : | 'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1 |
| 2. Periodicity of its : publication | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital. | The Magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 17 th, March 1994

Narayan H. Jani
Publisher.



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫–૮–૧૯૨૧

નિર્વાણ : ૧૮–૩–૧૯૮૪

## * પ્રભુની હૂંફ *

હે પ્રભુ, સવારે તમારી સામે જોઉં છું ને નવી શક્તિથી નવપલ્લવિત બની રોજ રોજ મને તું જે ધરે છે, તેનાથી હું જાણે સુસજ્જ બનું છું!

મારી આસપાસ તારા આશીર્વાદનું એક કવચ અનુભવું છું; અને હું નિશ્ચિત મને બધી જ ઝંઝટોનો સામનો કરવા તત્પર બનું છું.

તમે મારી સાથે છો એ વાત મારા માટે સૂર્યોદય જેવી જ નિશ્ચિત છે, અને હું પૂર્ણ પ્રસન્ન બની એક દિવસ આગળ જવા માટે તૈયાર થાઉં છું.

## * પ્રભુનું વહાલ *

મન જાણે શાંત બની ગયું છે. હૃદયમાં અપૂર્વ શાન્તિ છે અને હું ચૂપચાપ તમારી પાસે આવી જાઉં છું.

આપની પાસે આપનાં શ્રીચરણોમાં જાઉં છું. આપની પાસે આપનાં શ્રી ચરણોમાં નહિ, પણ આપના ખોળામાં મારું આ મસ્તક મૂકી ચૂપચાપ જાણે પડી રહું છું.

અને આપનો વરદ હસ્ત દુનિયાનું સમસ્ત વહાલ સમેટીને મારા ઉપર વરસાવ્યા કરે છે.

સાચે જ પ્રભુ જેને પ્રેમ કરે છે, તેની દશા કોણ જાણી શકે?—કોણ સમજી શકે?

— આશા ભક્ત

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪—૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫—૦૦

વિદેશમાં રૂા. ૨૦૦—૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| કબીરસુધા | પરમાર્થી | ૧૫ |
| સરસ્વતીબેન વિષે | એક સાધક | ૨૧ |
| નિઃસ્વાર્થતા | ડો. દેવદત્ત જોશી | ૩૦ |
| ઋષિવર યોગેશ્વરજીને શ્રદ્ધાંજલિ | તંત્રી | ૩૩ |
| પ્રસંગ નાનો પણ રહસ્ય મોટું | યોગેશ્વરજી | ૩૫ |
| બોધકથાઓ | એક જીજ્ઞાસુ | ૩૭ |
| મહાયોગી શ્રીકૃષ્ણપ્રેમ | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૧ |
| તીર્થધામ સરોડા | નારાયણભાઈ હ. જાની | ૫૧ |
| પ્રાર્થના | ડો. રણજિત પટેલ (અનામી) | ૫૫ |
| પ્રેરક પ્રસંગો | રામકૃષ્ણ પ્રેમી | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી


વર્ષ : ૧૫ માર્ચ–૧૯૯૪ અંક : ૬


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૧–૩–૮૧, બુધવાર, ફાગણ સુદ છઠ,**
**૨૦૩૭, સ્થળ : મોરબીથી સુરેન્દ્રનગર.**

આજે યથાવત્ નિયમ ચાલુ રહ્યો. સાડા અગિયારે ભોજન બાદ પુસ્તકોનાં બંડલો બાંધી દીધાં, અને દોઢ વાગ્યે આરામ કર્યો.

આજે ત્રણ વાગ્યે નીકળવાનું છે. મોરબીથી વિદાય લેવાની છે. સાડા ત્રણ વાગ્યે વિદાય લઈ ૧૦૭ કિલોમીટર દૂર સુરેન્દ્રનગર જવા ભૂપેન્દ્રભાઈની ગાડીમાં જવાનું બન્યું. માર્ગમાં સત્સંગની વાતો થઈ. બરાબર છ વાગ્યે સુરેન્દ્રનગર આવી ગયાં. ઉતારો કદાચ અનુકૂળ ન હોય તો—એમ વિચારી રેસ્ટહાઉસની તપાસ કરી, પણ રહેવાને લાયક ન હતો.

ઉતારા પર આવી ગયાં. થોડીવાર સૌ બેઠાં. આચાર્ય શ્રી

ભાઈલાલભાઈના ઘરથી બ્રહ્મસમાજભવન તદ્દન નજીક જ છે, જેથી પગે ચાલીને જ અમે પ્રવચનસ્થળે પહોંચ્યાં. આજે પ્રવચન ૮:૧૦ વાગે શરૂ થયું. તે પહેલાં અન્ય વક્તાઓ બોલ્યા. સાડા નવે પ્રવચન પૂર્ણ થયું.

ઉતારા પર આવીને દૂધ લઈ, આરામ કર્યો. પૂ. શ્રીની સૂચના મુજબ પ્રવચનનો સમય બદલાય છે. હવે દરરોજ ૭ થી ૮ પ્રવચનનો સમય રહેશે. આચાર્ય પોતે કોન્ટ્રાક્ટરનું કામ કરે છે. વિશાળ સંપત્તિ ધરાવનાર આ ભાઈ ઔદિચ્ય સમાજના પ્રમુખ છે, તેમને ત્યાં જ માળ ઉપર સ્વતંત્ર બે રૂમનો ઉતારો છે.

નવ વાગ્યે સવારે દૂધ મૂકવાનું તથા ભોજનની વાત પૂ. શ્રી કરે છે.–ભોજનમાં બાજરીનો રોટલો ને દહીં.

મોરબીથી આવેલ શ્રીહરિ, શ્રીકલ્યાણ, શ્રી ભૂપેન્દ્રભાઈ ભોજન બાદ રાત્રે જ વિદાય થાય છે. શ્રી બાબુભાઈ વોરા અમદાવાદથી ખાસ અહીં પ્રવચન માટે જ પધાર્યા છે. તેઓ રોકાશે. વળી અમદાવાદથી શ્રી નંદુભાઈ ચાવાળાના બંને બાળકો પણ અહીં આવ્યાં છે. એ રીતે મોરબીથી અજય કલોલા પણ આવ્યો છે. સૌ રોકાશે.

**તા. ૧૨–૩–૮૧, ગુરુવાર, ફાગણ સુદ સાતમ, ૨૦૩૭, સ્થળ : સુરેન્દ્રનગર.**

આજે ગુરુવાર હોવાથી પૂ. શ્રી સાઈબાબાની સ્તુતિ બોલ્યા, લેખનકાર્ય કર્યું. સર્વેશ્વરીએ પણ જપ કર્યા બાદ નોંધ લખી. પૂ. શ્રીએ થોડો આરામ કર્યો. બાદ સાડા અગિયારે સુરેન્દ્રનગરના બેત્રણ ભાઈઓ તેમ જ શ્રી બાબુભાઈ, અજય, અમિત વગેરે આવી ગયા. સાથે અમેરિકાના શ્રી વિનોદભાઈ પટેલ પણ પૂ. શ્રીને મળવા આવે છે. પૂ. શ્રીને ન્યૂયોર્ક તરફ આવવાનું બને તો રહેવા આવવા આમંત્રણ આપે છે.



બરાબર બાર વાગ્યે બાજરાનો રોટલો ને દહીંનું ભોજન પૂ. શ્રી લે છે. આજે વળી પુસ્તકો વેચાણમાં મૂકવાની વ્યવસ્થા કરવામાં આવે છે. બે વાગ્યા સુધી પૂ. શ્રી બાબુભાઈ વગેરે સાથે વાતો કરે છે. ત્યારબાદ થોડો આરામ.

સાંજે ૬ થી ૬॥ ચારેક ભાઈઓ પૂ. શ્રીને મળે છે. એકાદ પ્રશ્ન પૂછાય છે. સાત વાગ્યે પ્રવચન હોવાથી પોણા સાતે પૂ. શ્રી સાથે સર્વેશ્વરી, શ્રી બાબુભાઈ વગેરે હોલ પર જાય છે. સાતથી આઠ ને વીસ સુધી પ્રવચન ચાલે છે.

પ્રવચન બાદ ઉતારા પર આવીને દૂધ ને તલસાંકળીના બે ટૂકડા પૂ. શ્રીએ લીધા.

ત્યારબાદ આરામ.

**તા. ૧૩–૩–૮૧, શુક્રવાર, ફાગણ સુદ આઠમ, ૨૦૩૭, સ્થળ : સુરેન્દ્રનગર.**

રાત્રે ૧૨ થી પૂ. શ્રી જપ કરવા બેસે છે. સવારે નિયમ પ્રમાણે સ્નાન, વ્યાયામ, દૂધ પીવું ને લેખન થાય છે. સાડા અગિયારે થોડા ભાઈઓ પૂ. શ્રી પાસે આવે છે. થોડી વાતો થાય છે.

ભોજનમાં આજે પૂ. શ્રી ખીચડી અને કઢી લે છે. આરામ બાદ તબિયત થોડી અસ્વસ્થ હતી છતાં ૫॥ થી ૬–૧૦ પૂ. શ્રી પ્રશ્નોના ઉત્તરો આપે છે. જેમાં ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર વગેરેનો સમાવેશ થાય છે.

સાત વાગ્યે પ્રવચન શરુ થશે. જેથી ઉતારા ઉપરથી પૂ. શ્રી વિદાય થાય છે.

સાતથી આઠ પ્રવચન બાદ આરામ.

**તા. ૧૪-૩-૮૧, શનિવાર, ફાગણ સુદ નોમ, ૨૦૩૭, સ્થળ : સુરેન્દ્રનગર.**

આખો દિવસ પૂ. શ્રીના શરીરે તાવ તેમ જ શરદી રહ્યાં, છતાં નિયમિત જપ થયા. સવારે સ્નાન બાદ આરામ જ કર્યો. આજે લેખન, વ્યાયામ ફરજીયાત બંધ રાખવાં પડયાં. સવા અગિયારે તૈયાર થઇને પૂ. શ્રી રૂમમાં આંટા મારી રહ્યા છે 'દ્વાર સમયસર જ ખોલવાં'—એ નિયમ મુજબ હજી પાંચ મિનિટની વાર હતી જેથી પૂ. શ્રી આંટા મારી રહ્યા છે. બરાબર સાડા અગિયારે જ દ્વાર ખૂલે છે.

આજે પૂ. શ્રીએ પોતે માંદગી પછી કેવી રીતે વ્યાયામ શરૂ કર્યો તેની વાતો કરી. ત્યારબાદ પૂ. શ્રીએ કહ્યું : આજના યુવાનોને "શિવોહમ્, અહમ્ બ્રહ્માસ્મિ, મારાથી કુકર્મો થાય જ નહીં વગેરે મંત્રો આપવા જરૂરી છે.

**એક ભાઇ :** ગાંધીજીને એકવાર એક ભાઇએ અહમ્ બ્રહ્માસ્મિ બોલવાનું કહ્યું. ગાંધીજીએ કહ્યું, એ સ્થિતિએ હું પહોંચ્યો નથી એટલે હું કેવી રીતે અહમ્ બ્રહ્માસ્મિ બોલું?

**પૂ. શ્રી :** રામ, રામ બોલીએ છીએ તો રામને કાંઇ પહોંચ્યા હોતા નથી. રામને પહોંચવા માટે જેમ રામ બોલવાનું યાદ કરીએ છીએ તેમ અહમ્ બ્રહ્માસ્મિ નથી, પણ ત્યાં પહોંચવાનું તો છે જ ને? તો ત્યાં પહોંચવા માટે, યાદ રાખવા માટે અહં બ્રહ્માસ્મિ બોલો એ જરૂરી છે. હા, એમાં જાગ્રત રહેવાનું જરૂરી છે.



કોઇવાર અહંકાર પણ આવી જાય.

પ્રશ્નોત્તરીમાં એક જ પ્રશ્ન હતો. આ મુલાકાતનો સમય ન હતો. સહજ બેઠક હતી ત્યાં તો સમય થઇ જતાં પૂ. શ્રીએ ભોજન લીધું. ભોજન બાદ આરામની પૂ. શ્રીએ ઇચ્છા કરી, કારણ શરીર તાવથી તપતું હતું. સર્વેશ્વરી એક રૂમમાં બેસીને આવેલા પત્રોના જવાબ લખાવતાં હતાં. એટલે પૂ. શ્રી બેઠક રૂમમાં જ્યાં સવારે પણ આરામ કર્યો હતો ત્યાં જ પથારી કરાવી સૂઇ રહ્યા. સાંજે પ્રશ્નોત્તરીમાં થોડા પ્રશ્નો હતા પણ નોંધને યોગ્ય ન હતા.

આજે શરીર અસ્વસ્થ હતું, છતાં પૂ. શ્રી મુલાકાત સમયે બેઠા. પ્રવચન પણ આપ્યું. ગરમ મસાલાવાળું દૂધ પીને આરામ કર્યો.

**તા. ૧૫-૩-૮૧, રવિવાર, ફાગણ સુદ દશમ, ૨૦૩૭, સ્થળ : સુરેન્દ્રનગર.**

આજે થોડી અસ્વસ્થતા ઓછી હતી. સવારે પૂ. શ્રીએ આરામ જ કર્યો. સાડા અગિયારની બેઠકમાં ધ્યાનકેન્દ્રની વાતો થઇ. સુરેન્દ્રનગરમાં આજે સમૂહધ્યાનનો કાર્યક્રમ શ્રીહરિએ કરાવ્યો. ૧૫૦ ભાઇબેનોએ ભાગ લીધો, તેની વાતો થઇ.

આજે ભોજનમાં પૂરી ને રાબ લીધી. ત્યારબાદ શ્રી રાજેશ-ભાઇ, શ્રી જયરામભાઇ, શ્રીહરિ, શ્રી કલ્યાણ વગેરે ફરી ઉપર આવે છે. પૂ. શ્રી થોડી વાતો કરે છે. પુસ્તક માટે પત્ર લખાવે છે. પછી આરામ કરતાં પહેલાં પેપર જુએ છે. સાંજે સાડા પાંચે પ્રશ્નોત્તરી શરૂ થાય છે. એક જ પ્રશ્ન ઉપર નીરસ વાતો થઇ. ૬ ને ૧૦ થતાં પૂ. શ્રી સૌને વિદાય કરી આરામ કરે છે, ત્યાં જ શ્રી

નારાયણભાઈ સરસ્વતીબેન સાથે ભાવનગરથી આવે છે. બે–ત્રણ મિનિટ વાત કરી પૂ. શ્રી એમને પણ વિદાય આપે છે. શ્રી નારાયણભાઈ સર્વેશ્વરી સાથે વાતો કરે છે. પ્રવચન સ્થળે સમય પર જવાનું બને છે. પ્રવચન થાય છે. પ્રવચન બાદ આરામ.

પૂ. શ્રીને મળવા આવનાર બહારગામના ભક્તોની સંખ્યા વધતી જાય છે. પરિણામે તે સંખ્યાનો ભાર યજમાન પર ન આવી પડે તેની ચિંતા પૂ. શ્રીને થાય છે. જેથી આવતીકાલથી પૂ. શ્રી અહીં રહેનાર બે–ત્રણ ભાઈઓને બોર્ડીંગમાં ભોજન બંધ કરવાની સૂચના આપવાનું વિચારી રહ્યા છે. આપણો ઉતારો સ્વતંત્ર જ હોય તો આવનાર પણ સ્વતંત્ર રીતે જ સગવડ કરીને મળવા આવે,—આ પૂ. શ્રીનો આદર્શ છે. આપણે ગમે ત્યાં ઉતરીએ પણ આપણને મળવા આવનાર ભાઈબેનો આપણા યજમાનને ભારરૂપ ન થવા જોઈએ—એવું પૂ. શ્રી દૃઢપણે માને છે.

**તા. ૧૬–૩–૮૧, સોમવાર, ફાગણ સુદ અગિયારસ, ૨૦૩૭, સ્થળ : સુરેન્દ્રનગર.**

સવારે થોડી સ્વસ્થતા હતી જેથી પૂ. શ્રીએ થોડું લેખનકાર્ય કર્યું. આરામ બાદ સાડા અગિયારે બહારગામના મુલાકાતીઓ આવ્યા. આજે ધ્યાનનો સમૂહ કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં ગઈકાલ કરતાં પણ સારી સંખ્યામાં જનતાએ ભાગ લીધો—તેની વાતો થઈ.

આજે અગિયારસ હતી, તેથી પૂ. શ્રીએ રાબ જ લીધી. બપોરે થોડીવાર શ્રી નારાયણભાઈ જાની સાથે વાતો થઈ. પછી આરામ.

સાંજે ૫–૩૦ ફરી સૌ આવી ગયાં. સવારે સૂચના આપી દીધી એ મુજબ ઔદિચ્ય બ્રહ્મસમાજની બોર્ડિંગમાં ભોજન બંધ કરાવ્યું, જેથી જેના પ્રવચનો છે તે સંતપુરુષ પણ યજમાનને



અપ્રિય ન બને—અને એ વાત પૂ. શ્રીની દૃષ્ટિએ સાચી ને સારી પણ છે. જે જે પૂ. શ્રીને મળવા આવે છે તે તે પોતાની શાંતિ માટે આવે છે. એટલે દરેકે પોતાની રીતે ઉતરવાની ને ભોજન વગેરેની સગવડ કરવી જ જોઈએ.

આજે પ્રશ્નોત્તરીમાં એક પ્રશ્ન મહત્ત્વનો હતો. જેની નોંધ નીચે મુજબ છે.

**પ્રશ્ન :** મહાપુરુષો શક્તિપાત કરે છે તો એનાથી મદદ મળે ખરી?

**પૂ. શ્રી :** એ પ્રશ્નને બીજી રીતે વિચારીએ કે સાધક સાધના કરતો હોય તેને મહાપુરુષના સત્સંગથી મદદ મળે કે નહીં. મહાપુરુષ પાસે જપધ્યાન કરવા બેસીએ તો મદદ મળે કે કેમ તે વિચારો.

જુઓ, સૂર્યની મદદ પાણીને પણ મળે, પત્થરને પણ મળે ને કાચને પણ મળે. પણ દરેકની પ્રતિક્રિયામાં ફેર છે ને! એ રીતે સાધકની જેવી ભૂમિકા, જેવા સંસ્કારો તેને તેને તેટલા પ્રમાણમાં મદદ ઝીલી શકવાની શક્તિ હોય છે. રામકૃષ્ણદેવે વિવેકાનંદને જેવી મદદ કરી તેવી કોઈએ કરી નથી, કારણ વિવેકાનંદની ભૂમિકા તે તે મદદને ઝીલી શકવાની હતી.

પ્રથમ તો તમારે મદદ કેવી જોઈએ તે વિચારો. જપમાં બેઠા ને બે ઘડી રડી લઈએ, અડધો કલાક નાચી લઈએ—એ મદદ નથી. એ મદદથી જીવનનું કલ્યાણ થતું નથી. માણસ તે સમય પૂરતો નાચે, રડે, કૂદે પણ જેવો છે તેવો જ તે માનવ રહે—તેવી મદદનો શો અર્થ?

મદદ એવી જોઈએ જેથી સાધકમાં પવિત્રતા વધે, શ્રદ્ધા-

ભક્તિ વધે, સાધકમાં માનવતા વધે, સાધકનું મન શાંત ને સ્થિર બને, સાધકમાં સંયમ વધે. શાસ્ત્રો સંતોની આવી મદદની તરફેણ કરે છે. આવી મદદથી આત્મકલ્યાણ થાય છે. આવી મદદથી માનવ જીવનનું પરિવર્તન થાય છે.

પ્રશ્નોત્તરી પૂરી થઇ એટલે સુરેન્દ્રનગર પાસે મૂળી નામનું ગામ છે–ત્યાં મુંબઇના શ્રી જે. વી. શાહ પૂ. શ્રી પાસે તેમના ગામમાં જે હોલ તેઓએ બંધાવેલ છે તેનું ઉદ્‌ઘાટન કરાવવા માંગે છે પણ હજી કાર્યક્રમ આવ્યો નથી. વાત એવી જણાઇ છે કે બે–ત્રણ દિવસ ગામડામાં તેઓ કાર્યક્રમ રાખવા માંગે છે.

પૂ. શ્રી એ અંગે અભિપ્રાય આપતાં કહે છે : "મને ગામડામાં દોડાદોડ કરવાનો રસ નથી. મને કંઇ એટલો બધો જગતના ઉદ્ધારનો અભરખો નથી. હું તો અહીં બેઠો બેઠો સંકલ્પથી ઘણાં કામો કરી શકું છું. આખા ભારતને બે વાર હલાવી નાંખ્યું."

–આ વાતો સૌ કોઇ શાંતિથી સાંભળી રહ્યા. (સાચી જ વાત છે. સાચા, શ્રેષ્ઠ ને સર્વોત્તમ ભૂમિકાએ પહોંચેલા પૂ. શ્રીને દોડાદોડ કરવાની જરૂર જ નથી–એ વાત સ્પષ્ટ રીતે પોતે કહી દે છે. એની પાછળ એમની અનાસક્ત ભાવના ને દેશની સેવા જે પોતે અનોખી રીતે કરે છે તેનો નિર્દેશ તેમના જ શ્રીમુખે સાંભળી સૌને આનંદ ને આશ્ચર્ય થયાં.)

સાંજે પ્રવચનમાં ગીતાના પ્રથમ અધ્યાયનું શિર્ષક 'અર્જુન વિષાદ યોગ' કેમ છે તેની વિસ્તૃત ચર્ચા થઇ. આજે પ્રવચન સ્થળે જ જે ઉતારાનો રૂમ છે તેમાં શ્રી નારાયણભાઇ, સરસ્વતીબેન, બાલુભાઇ, નલિનીબેન (ભાવનગર), અજય (મોરબી), અમીત (અમદાવાદ), અતુલ (આણંદ) ઉતર્યા છે. ત્યાં પૂ. શ્રી પધાર્યા, બેઠા.



દૂધ પીધું. અને જ્યાં પૂ. શ્રીનો ઉતારો હતો ત્યાં આવી આરામ કર્યો.

**તા. ૧૭–૩–૮૧, મંગળવાર, ફાગણ સુદ બારસ, ૨૦૩૭, સ્થળ : સુરેન્દ્રનગર.**

સવારે સાડા અગિયારે સૌ આવીને બેઠા છે. અનામત વિરોધી આંદોલનની વાતો થાય છે. સમય થયો એટલે પૂ. શ્રી ભોજન લે છે. ભોજન ભાવ્યું નહીં, તેથી થોડો નાસ્તો કર્યો.

ત્યારબાદ ફરી સૌ બહારગામના ભાઇબેનોને બોલાવ્યા. બે વાગ્યા સુધી 'અધ્યાત્મ'ની જરૂરી વાતો કરી લેખો, કાવ્યો આપ્યાં. વડોદરાથી શ્રી જીતુભાઇ આજે સરળગીતા લઇને આવી ગયા. તેમની સાથે થોડી વાતો થઇ પછી આરામ.

ગઇકાલે એક મુંબઇના ચોકીદારની વાત અને આજે સ્વામી નિજાનંદજી જેઓ શ્રી રાવળને ત્યાં રહે છે તેમની વાતો શ્રી નારાયણભાઇએ કરી.

આરામ બાદ સાંજે ૫–૩૦ થી ૬–૧૦ ની બેઠકમાં શ્રીહરિ સહિત બહારગામના સૌ આવી ગયા. આજે શ્રી ભૂપતભાઇએ પ્રશ્ન શરૂ કર્યો.

**પ્રશ્ન :** આપણે ૮૪ લાખ યોનિઓના ફેરામાં પ્રથમ જ માનવ થઇએ કે પછી થઇએ? અથવા પ્રથમ પશુ થઇએ ને પછી માનવ થઇએ?

**પૂ. શ્રી :** એ આખીયે વાત પોતાની વાસના, ઋણાનુબંધ પર આધાર રાખે છે. મહાપુરુષોના વચનોમાં વિશ્વાસ રાખીએ તો એક વાત તમને કહું :

દક્ષિણના મહાન સંત શ્રી રમણ મહર્ષિ પોતાના આશ્રમમાં લક્ષ્મી નામની ગાય રાખતા ને તે ગાયનું જ દૂધ પીતા. મહર્ષિ કહેતા કે આ લક્ષ્મીએ મારી સેવા કરી હતી, જ્યારે હું પર્વત પર તપ કરતો હતો ત્યારે. તે મને ખાવાનું બનાવીને પહોંચાડતી હતી. તેનું નામ લક્ષ્મી હતું. તે સ્રી હતી. તેનું શરીર શાંત થઇ ગયું. મારી સેવા કરવાની તેની ઇચ્છા અધૂરી રહી, જેથી તે ગાય બની, આશ્રમમાં આવી છે. તે પૂર્વાશ્રમમાં સ્રી જ હતી.

બીજી વાત સાઇબાબાની. તેઓ શિરડીના પ્રસિદ્ધ સંત મહાપુરુષ થઇ ગયા. એક વાર ખેતર તરફ ફરતાં ફરતાં ખેડૂત સાથે બેઠા વાતો કરતા હતા. ત્યાં એક પાણીના ખાડામાંથી દેડકાને સાપે પકડયો. તેથી દેડકાનો કરૂણ અવાજ શરૂ થયો. ખેડૂતે કહ્યું, આપણે એ બંનેને છોડાવીએ. સાઇબાબાએ કહ્યું, "એ બંનેને ટેવ પડી છે. થોડીવાર થઇ છતાં દેડકાને સાપ છોડતો નથી. જેથી બંને ત્યાં પહોંચ્યા. સાઇબાબાએ કહ્યું, અરે નાગપ્પા, હજી તારું બસપ્પા સાથેનું વેર ભૂલ્યો નથી! આ જન્મે પણ તમે લડયા જ કરો છો." આટલું બોલ્યા ત્યાં તો સાપ ને દેડકો બંને છૂટા પડીને જુદી જુદી દિશામાં દોડી ગયા.

ખેડૂતને નવાઇ લાગી. સાઇબાબાને પૂછ્યું કે તમે એવું તે શું બોલ્યા જેથી આ બંને છૂટા પડયા? સાઇબાબા કહે, એ બંને પૂર્વજન્મમાં દક્ષિણમાં એક મંદિરમાં બ્રાહ્મણ હતા. બંનેને એકમેક સાથે બનતું ન હતું–વગેરે.

અરે! અમે જ્યાં જન્મ્યા ત્યાંની જ તમને ત્રીજી વાત કહું. અમારા ગામમાં સાપ ઉતારનાર એક ભાઇ રહે. મંદિરમાં પૂજારી તરીકે આજે પણ છે. તેની પાસે ગમે તેવો ભયંકર સાપ કરડેલો



હોય તેવા માનવો આવે. એ પોતે સ્નાન કરી મંદિરમાં જઇ રજા લઇ બહાર આવી દર્દીના શરીર પર હાથ ફેરવી કહે, જાઓ! ભાથીખત્રીની રજા છે. ને સાચે જ તે બેહોશ થયેલો માનવ બેઠો થાય, ઉભો થાય ને ચાલવા માંડે એટલે કે સારો થઇ જાય.

હજુ હમણાં જ અમારા ગામમાં એક યુવાનને સાપ કરડયો. ત્યાં લઇ ગયા. પૂજારીએ સ્નાન કરી અંદરથી રજા લઇ આવી હાથ ફેરવ્યો તો યુવાનના મોં માંથી જાણે સાપ બોલતો હોય તેમ અવાજ આવ્યો : આજે હું નહીં ઉતરું. હું તો આને મારી નાંખવા જ કરડયો છું.

પૂજારીએ પૂછ્યું "કેમ નહીં ઉતરો?" યુવાનના મુખમાંથી જવાબ આવ્યો : "એણે મારી મિલકતના ત્રણ સરખા ભાગ પાડયા નથી, જેથી મારા સંતાનોને અન્યાય થયો છે. હું એનો બાપ છું ને સાપ બનીને એને કરડયો છું. એના વતી કોઇ કબૂલ થાય કે ફરી ભાગ પડે ને સરખો ભાગ દરેકને મળે–અને તે ભાગ પણ આવતીકાલે જ પડવા જોઇએ નહીંતર ફરી કરડીને એનો પ્રાણ લઇશ."

જે લોકો ભેગા થયા હતા તેમાંના એ યુવકના સગાઓએ વચન આપ્યું કે કાલે જ ફરી ભાગ પડાવીને સૌને ન્યાય કરીશું. આવું કબૂલાતનામું થતાં સાપ ઉતરી ગયો. યુવાન બેઠો થયો ને ચાલતો થયો.

આવા કિસ્સાઓ બને છે એટલે મહાપુરુષોના વચનોમાં વિશ્વાસ ન રાખવાનો કોઇ પ્રશ્ન નથી. એટલે કર્મ, વાસના ને ઋણાનુબંધ પ્રમાણે બીજો જન્મ થાય છે. તેમાં એવું પણ નથી કે સ્રી, સ્રી જ થાય. કે પુરુષ પણ પુરુષ જ થાય, એવું નક્કી નથી.

અનુભવી સંતોનાં વચનોમાં વિશ્વાસ રાખવો ઘટે.

પ્રશ્નોત્તરી બાદ શ્રીહરિએ પોતાના સામાજિક કાર્ય માટે રજા લીધી. પૂ. શ્રીએ આરામ કર્યા બાદ, પ્રવચન સ્થળે પહોંચીને પ્રવચન કર્યું. જનતા સારો લાભ લે છે. વળી ત્રણ દિવસથી ધ્યાનનો વર્ગ ચાલે છે. એમાં પણ જનતા સારો લાભ લે છે. પ્રવચનસ્થળેથી આવી ઉતારા પર આરામ કર્યો. હરિઃ ૐ ( ક્રમશઃ )


બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨




# કબીરસુધા

**પરમાર્થી**

જીવનસે મરના ભલા જો મરના જાને કોઈ,
મરના પહિલે જો મરે, અજર અમર સો હોઈ.

એમ તો સાખી સાવ સરળ લાગે છે. પણ એમાં જે અર્થ-ધ્વનિ રહેલો છે તે સૌને વિચાર કરતા કરી મૂકે એવો છે. બીજી પંક્તિ વાંચતાં જ વાચકનું હૃદય આંચકો અનુભવે છે. અર્થ-ચમત્કૃતિનું એ પરિણામ કહેવાય. માત્ર બે જ પંક્તિમાં કબીર સાહેબ સાધકગણને માટે એટલું બધું સરસ ભાથુ પીરસી દે છે કે સૌને જીવનપર્યંત ઉપયોગમાં આવે. જેમ જીવન જીવવાની પણ એક કળા હોય છે તેમ મરવાની પણ એક કળા હોય છે. મરવાની કળા જાણનાર જ સારી રીતે જીવન જીવી જાણે છે. ખરેખર જીવન જીવવા જેવું મધુર પણ તેને જ લાગે છે. તેથી મરવાની કળા પર જાણે કે જીવવાની કળા નિર્ભર રહેતી હોય તેવું જણાય છે.

સાખીના પ્રારંભના શબ્દો ઘડીભર તો ભડકાવી દે તેવા છે. ઉતાવળે અર્થ કરવાની ટેવવાળા વાંચકને એવું લાગે કે કબીર સાહેબ તો આપઘાત કરવાનું સૂચવે છે. પણ ખરેખર એવું નથી. કારણ કે 'જો' શબ્દના પ્રયોગથી ચોક્કસ પ્રકારના અન્ય અર્થનો નિર્દેશ થઈ જ જાય છે. 'મરના જાને' એટલે જે મરવાની કળા જાણે છે તે. જીવન જીવતા જીવતા તે એવી રીતે મરી જાણે છે કે તે ઉત્કૃષ્ટ પ્રકારનું આદર્શ જીવન જીવી શકે છે. પોતાના મૃત્યુનું તે મંગલ દર્શન કરી જીવન જીવવાની ઉત્તમ કળા હસ્તગત કરી લે

છે. તે સમયે તેનું મન તો સાવ સ્વસ્થ હોય છે. જ્યારે આપઘાત કરનારની સ્થિતિ કેવી હોય છે? તેનું મન આવેશવાળું હોય છે. ખૂબ જોમ જુસ્સાવાળું હોવાથી અનિયંત્રિત હોય છે. તેને તો હૃદયે અનુભવેલા આઘાતજન્ય દુઃખોનો અંત આણવો છે. તેથી તે મરવા માટે ઉતાવળો બની જાય છે. તે દ્વારા તેના મનની નિર્બળતા જ પ્રગટ થઇ જતી હોય છે. તેવી સ્થિતિને આદર્શ કેવી રીતે માની શકાય?

મરતાં પહેલાં જો જીવ પોતાના મૃત્યુનું દર્શન કરી લે તો તેના મનમાંથી મૃત્યુનો ભય નામશેષ થઇ જાય છે. જ્યાંસુધી મનમાં ભય હોય ત્યાં સુધી મૃત્યુ સજીવન લાગે છે. તેનો વિચાર કરતાં જ શરીર થરથર ધ્રુજવા લાગે છે. પરંતુ મન જો ભય રહિત બની જાય તો મૃત્યુ મરી ગયેલું લાગે છે. મૃત્યુ મરી જાય તેનું નામ જ મરવાની કળા. સામાન્યતઃ જીવનની અંતિમક્ષણોમાં જીવને અપાર કષ્ટ સહેવું પડે છે. દશહજાર વીંછી એકસાથે ડંખ મારે ને જેવી વેદના થાય તેવી વેદનાનો અનુભવ જીવને અત્યંત ભયાવહ લાગે છે. તેવી અવસ્થામાં અશાંતિનો કોઇ પાર રહેતો નથી. તેવા પ્રકારના મૃત્યુ પર જીવનો કાબુ રહેતો નથી. જ્યારે મરણની કળા જાણનારનો તેના પોતાના મૃત્યુપર અવશ્ય કાબુ હોય છે. મૃત્યુની ક્ષણોને અગાઉથી તે પરખી લે છે અને પોતાના મનને સ્વરૂપમાં સ્થિર કરી દે છે. આ રીતે તે દુઃખના દરિયાને અતિક્રમી જાય છે.

પ. પૂ. યોગેશ્વરજીનું જીવન મને અહીં યાદ આવે છે. તેઓ જીવન જીવવાની કળામાં પારંગત હતા. તેઓ સદૈવ પ્રશાંત જણાતા. કારણ કે નિત્ય નિર્ભયતાનો અનુભવ કરતા. તેઓ પોતાના ચિત્તને હરઘડી આત્મલીન રાખતા. તેથી તેમના મુખમાંથી



વહેતી શ્રીવાણી સદૈવ આત્મબળથી ઓજસ્વી જણાતી. સાંભળનારના હૃદયમાં સોંસરવી ઉતરી જતી અને પ્રભાવક પરિણામ સરજતી. તેમણે અંતિમ શ્વાસ લીધો ત્યારે તેમના મુખારવિંદ પર કેટલી બધી પ્રશાંતિ ને પ્રસન્નતા પથરાયલી હતી! તેમના અંતિમ શબ્દોમાં અંતરના અપૂર્વ આનંદની અને અનંત શાંતિની જ અભિવ્યક્તિ થઇ છે. "પંખી પ્રભાતે જ્યાંથી નીકળે છે ત્યાંથી સંધ્યા સમયે ન પહોંચે ત્યાં સુધી ચેન પડતું નથી. તેવી જ રીતે જીવ જ્યાંથી આવ્યો છે ત્યાં પાછો ન પહોંચે ત્યાં સુધી બેચેન ને અત્યંત દુઃખી રહે છે. પોતાના અસલી ધામમાં પહોંચીને જ તે પરમ શાંતિ ને સુખનો અનુભવ કરે છે." આવી હતી તેમની અંતિમ વાણી! આ વાણી સાંભળીને સાક્ષાત્ મૃત્યુ પણ મરી ગયેલું અનેક માણસોએ જોયું છે! તેમની અંતિમ અવસ્થા કબીર સાહેબની આવા જ અર્થવાળી બીજી એક સાખીમાં સરસ રીતે તાદૃશ રીતે રજૂ થઇ છે :

મરતે મરતે જગ મુઆ ઔરસ મુઆ ન કોઇ,
દાસ કબીરા યોં મુઆ બહુરિ ન મરના હોઇ.

બંને સાખીઓ એક સરખા સમાન અર્થવાળી છે. પરંતુ બંનેની અભિવ્યક્તિ વિભિન્ન પ્રકારની છે. પહેલી સાખીમાં ઉપદેશાત્મકતા પ્રગટ દેખાય છે જ્યારે બીજી સાખીમાં અત્યંત ગર્ભિત ને ગૂઢ છે. બીજી સાખીમાં કબીર સાહેબ પોતાની જાતને ભેળવી દઇ પોતાના કથનને ધારદાર ને સચોટ બનાવી દે છે. મરવાની કળાનો અર્થધ્વનિ વાચકના હૃદયમાં લાંબા કાળ સુધી જાણે કે ગૂંજ્યા જ કરે છે! છતાં સાધકવર્ગને તો બંને સાખીઓ સરખી જ મહત્ત્વની લાગે છે. તેથી જ તેના અર્થરહસ્યની અહીં

આપણે વિશદ ચર્ચા કરી રહ્યા છીએ.

અહીં યાદ કરો શ્રીરમણ મહર્ષિનું જીવન કે જેમણે કબીર સાહેબના કહ્યા પ્રમાણે પોતાની જાત પર મરવાનો પ્રયોગ કર્યો હતો ને સિદ્ધ કર્યું હતું કે મરવાની કળા જાણનાર જીવન જીવવા-ની કળા પણ હસ્તગત કરી લેતો હોય છે. છેક વિદ્યાર્થી અવસ્થા-માં તેમણે પોતાના મૃત્યુનું મંગલ દર્શન કર્યું હતું. તેઓ સૂતા હતા ત્યારે તેમને પોતાના દેહના મરણની અલૌકિક અનુભૂતિ જાગૃત અવસ્થામાં થયેલી. શરીર સાવ મૃતવત્ થઇ ગયેલું. તદ્દન નિશ્ચેત થઇ ગયેલું. તેને લોકો એકત્ર થઇ સ્મશાનમાં લઇ જવા લાગ્યા ને ત્યાં ચિતા પર મૂકી સળગાવી દીધું. એકદમ ખાખ થઇ ગયું! આ બધું તેમનો આત્મા તટસ્થપણે જોઇ રહ્યો હતો. મૃત્યુના આવા અનુભવથી તેમને પોતાના અસલી સ્વરૂપનો પરિચય થઇ ગયો હતો. તેઓ પોતે કોણ છે તેનો સ્પષ્ટ અનુભવ થઇ ગયો હતો. આ રીતે તેમણે પણ મરવાની કળા હસ્તગત કરી લીધી હતી. ત્યાર પછી તેઓ ઘણા કાળ સુધી એવું જીવ્યા હતા કે જે જીવવાની કળાના આદર્શ નમૂનારૂપ હતું!

અરે, ભૂતકાળની વાત શા માટે કરીએ, વર્તમાન કાળમાં જ જુઓને! પ. પૂ. મા સર્વેશ્વરીનું જીવન એ માટે ઉત્તમ નમૂનારૂપ જ છે! તેમણે પણ જીવન જીવવાની કળા હસ્તગત કરી જ લીધી છે. તેમણે સાધનાના પ્રારંભકાળમાં જ પ્રાર્થના કરતાં કરતાં ગાયું છે :

ભૂલીએ નિજ રૂપ નહીં,
લિપ્ત બનીએ નહીં કહીં! (યોગેશ્વર બાવની)

સ્વરૂપની વિસ્મૃતિ દુઃખદાયક નીવડે છે. જ્યારે સ્વરૂપની



સ્મૃતિને તેમાં સ્થિતિ સુખદાયક હોય છે. તેથી સંતો પોતાના અનુભવના નિચોડરૂપ કહેતા હોય છે કે સ્વરૂપને જાણી લો તો સુખી થવાશે. સ્વરૂપને જાણવાથી જીવવાની કળા હસ્તગત થઇ જશે. પછી વેપાર કરશો તો પણ શ્રીમદ્ રાજચંદ્રની જેમ સફળ થઇ શકાશે. સ્વરૂપમાં સ્થિતિ કરનારથી દોષો થતા જ નથી. લાખોનો વેપાર કરતા તોપણ ભૂલનો એક પ્રસંગ બનતો જ નહીં. પ્રત્યેક પળે પ્રસન્ન અને મન પ્રશાંત! રાજ્ય કરવાની સત્તા ભોગવવાનો વારો આવે તો પણ જનકરાજાની માફક સફળ થઇ શકાશે. પિતાજીની આજ્ઞાથી શુકદેવજી જનકરાજાની પાસે આત્મ-જ્ઞાનની પ્રાપ્તિ માટે ગયા હતા ત્યારે દરબારનો વૈભવ જોઇ સાશંક બની ગયેલા. અરે, અહીં કેવી રીતે આત્મજ્ઞાન મળશે? કેટલી બધી દાસદાસીઓ! કેટલો બધો વૈભવ! જનકરાજાને શુકદેવની સ્થિતિનો ખ્યાલ આવી ગયો હતો. તેથી તેમણે નગરયાત્રાનું નિમિત્ત ઉભું કરી શુકદેવને પાઠ ભણાવવા હાથમાં બળતા દીપકનું તેલથી ભરેલું મોટું કોડિયું ધરી દીધેલું ને કહેલું કે નગરયાત્રા કરો પણ કોડિયામાંથી તેલનું એક પણ ટીપું નીચે પડવું ન જોઇએ. જો ઢોળાશે તો તલવારથી માથું ધડથી છૂટું થઇ જશે! નગરયાત્રા પૂર્ણ કરીને શુકદેવજી આવ્યા ત્યારે રાજાએ સત્કારતા પૂછ્યું : 'નગર બરાબર જોયું?' જવાબ આપતાં શુકદેવજી બોલ્યા : 'જોયું પણ ન જોયા જેવું! માથા પર ભયનો ઓથાર હતો. જો ટીપું નીચે પડશે તો મોત દેખાતું હતું. તેથી તેલની સાચવણીમાં જ મારું ધ્યાન રહ્યું હતું!' જનક રાજાએ તરત જ ટકોર કરતાં કહ્યું કે બસ, તેવી જ રીતે મારું મન આત્મલીન રહે છે ને આ રાજ્યકારભાર ચાલે છે!

આ રીતે જીવનજંગનાં કોઇ ક્ષેત્રે માનવ જીવન જીવવાની

કળા હસ્તગત કરી લે તો સફળ બની શકે છે. પરંતુ જે માનવ કળા શીખતો નથી અને વિષયપદાર્થોની મોહિનીમાં લિપ્ત બની જાય છે તે દુઃખના દરિયામાં ડૂબી જાય છે. હેરાન પરેશાન થઇ મહામૂલું જીવન વેડફી દે છે. જો માનવ જીવનને કિંમતી સમજતો હોય, દેવોને પણ દુર્લભ ગણાતા માનવદેહનો સમુચિત લાભ લેવા માંગતો હોય તો કબીરસાહેબની આ શીખામણ તેણે અંતરમાં ઉતારવી પડશે. મરવાની કળા શીખી લઇ જીવવાની કળા પણ હસ્તગત કરી લેવી પડશે. તો જ તે પોતાનો ઉદ્ધાર કરી શકશે! અમરતાની પદવી પ્રાપ્ત કરી શકશે! મૃત્યુનું મંગલ દર્શન કરનારને સૌ પ્રથમ આત્મતત્ત્વનાં દર્શન થાય છે. આત્મા તો અવિનાશી ગણાય છે. અજર પણ ગણાય છે કારણ કે આત્મામાં નથી વધારો થતો કે નથી ઘટાડો થતો! બાળપણ, યુવાની કે વૃદ્ધાવસ્થાનો ત્યાં અનુભવ થતો નથી. તેથી કબીર સાહેબ અભય વચન આપતા કહે છે કે 'અજર અમર સો હોઇ.'

## * ચૂંટેલાં પુષ્પો *

કળિયુગનાં બજારમાં સો ટચનું સોનું મળતું નથી. સોના સાથે તાંબુ મેળવેલું હોય છે. પણ એ સોનાને ગાળી ગાળીને બને તેટલું શુદ્ધ બનાવવું એ આપણી જીવન સાધના છે.

* * *

જીવન એ યાત્રા છે, તો કયા ધામમાં જવું એ ઉપડતાં પહેલાં નક્કી કરી લેવું જોઇએ.



પ. પૂ. શ્રી યોગેશ્વરજીના ઉદ્ગારો

# સરસ્વતીબેન વિષે

એક સાધક

તા. ૨૫ જાન્યુ, પોષ સુદ તેરસ ને મંગળવાર ૧૯૯૪ નો દિવસ, 'અધ્યાત્મ માસિક' તથા 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના સ્તંભ સમા પૂજ્ય નારાયણકાકાના કુટુંબ માટે દુઃખદાયી બની રહ્યો. પૂ. સરસ્વતીબેને (જીજી) આશરે ત્રણેક મહિનાની ટૂંકી માંદગી ભોગવી રાજકોટમાં જ બેભાનાવસ્થામાં જ, સમગ્ર કુટુંબ તેમ જ સગાંસંબંધી સાથેનો નાતો સદાને માટે તોડી આ ફાની દુનિયા છોડી ચિર વિદાય લીધી. પૂ. કાકાનાં સમગ્ર પરિવાર ઉપર શોકની ઘેરી કાલીમા છવાઇ ગઇ.

પૂ. જીજીને 'હોમાત્મક યજ્ઞ' ખૂબ જ ગમતો તેથી પરમ વંદનીય મા શ્રી સર્વેશ્વરીજીના આદેશ અનુસાર તા. ૧૨–૨–૯૪, મહા સુદ બીજ ને શનિવારના રોજ પૂ. જીજીની ઉત્તરક્રિયા પછીના ત્રીજા દિવસે 'હોમાત્મક યજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં પ. પૂ. શ્રી યોગેશ્વરજી તેમ જ પરમ વંદનીય મા તેમ જ બંનેના સમગ્ર ભક્ત પરિવારોને આમંત્રણ આપવામાં આવ્યું. ખૂબ જ મોટી સંખ્યામાં ધારણાથી પણ વધુ ભક્તોની ઉપસ્થિતિ રહી. થોડા વક્તાઓએ પ્રસંગને અનુરૂપ, જીજીની જીવન પરિમલને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પી. આ થઇ શ્રી સરસ્વતીબેનના નશ્વરદેહ શાંત થઇ ગયા પછીની વાત. પરંતુ હું એક એવી વ્યક્તિનો ઉલ્લેખ અત્રે કરવા માગું છું જેઓએ તેમના દાંપત્ય-

જીવનની શરૂઆતમાં જ તેમના ગુણો પારખી તેમના વિશે પોતાનાં જે મંતવ્યો રજૂ કર્યા તે વ્યક્તિનું નામ છે પરમ વંદનીય, શ્રી યોગેશ્વરજી. તેઓશ્રીએ પૂ. જીજી માટે લખેલ ઉદ્‌ગારો અત્રે રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કરું છું.

### હિમાલયના પત્ર નં. પર માંથી

દેવપ્રયાગ, તા. ૬, નવે. '૪૬

પ્રિય નારાયણ,

ભાઈ, તારો પ્રેમ જોઈ ખૂબ ખૂબ આનંદ થાય છે. ધન્ય હો તારા જેવા મહાન આત્માને! આ જગતમાં યથાર્થ રીતે તે જ મહાન છે, પ્રેમના આસન પર પ્રતિષ્ઠિત થઈને જે પ્રાણીમાત્રને પ્રેમમય જોઈ શકે છે. જેના અંતરમાં સર્વ પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે, જે સત્યને સમજે છે, અપનાવે છે, ને જીવનમાં ઉતારે છે. તારું હૃદય ઘણું મહાન છે, તેમ જ તારું શરીર પણ મહાન કાર્યમાં સહભાગી થવા સર્જાયેલું છે એ મને હંમેશાં લાગે છે. તું એક નિત્યમુક્ત વર્ગનો આત્મા છે. આજે તું સંસારમાં ભલે રહેતો હોય, ને સંસારમાં રહેવું કાંઈ ખરાબ નથી. સંસાર તને કંઈ જ કરી શકશે નહિ. ભગવાનની કૃપાથી સરસ્વતી જેવી દેવી તને સહયોગિની મળી છે. (આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે પૂ. યોગેશ્વરજીને ૪૭ વર્ષ પહેલાં પૂ. નારાયણકાકા અને પૂ. જીજીના દાંપત્ય જીવનની શરુઆતના જ તબક્કામાં લાગેલું કે સરસ્વતી નારાયણભાઈની કોઈ પણ પ્રવૃત્તિમાં અંતરાયરૂપ નહિ બને એટલું જ નહિ પણ તેમનાથી બનશે તેટલાં વધુ ને વધુ તેમને મદદરૂપ થવાનો પ્રયાસ કરશે.) તારી આંખ જોઈને મને ૧૬–૧૭ વર્ષની ઉમ્મરથી કોઈ વીતરાગ યોગીની યાદ આવતી જે મેં વારંવાર કહ્યું પણ હશે. (આજે હવે પરમ વંદનીય મા શ્રી



સર્વેશ્વરીજી પૂ. કાકાને 'બ્રહ્માનંદ સ્વામી' સંબોધન કરી બોલાવે તો તેમાં શું આશ્ચર્ય!) તારા જેવા આત્મા આ સંસારમાંબહુ જ વિરલ કાળે આવે છે, ને જ્યારે આવે છે ત્યારે કોઈ વિશેષ હેતુની પરિપૂર્તિ માટે જ આવે છે. તેમને કાંઈ સાધનાની લાંબી કસરત કરવાની હોતી નથી. દૈવી સંપત્તિને લઈને જ આવે છે. અતૂટ વિશ્વાસ, તીવ્ર ને લોખંડી શ્રદ્ધા, સરલ હૃદય, ઊંડો ભાવ ને એક મહાન ભક્તમાં દેખાતી સમર્પણની ભાવના, આ બધું તેમનામાં એવું નિરાળું હોય છે કે આખરી પૂર્ણાવસ્થાના અનુભવ માટે તેમને એક મિનિટની જ વાર લાગે છે. આ માટીમાંથી તું બનેલો છે. મને લાગે છે કે જે મહાન આત્માઓ મારા કાર્યમાં યોગ દેવાના છે તેમાં સૌથી પ્રથમ ને મહત્ત્વનો એક તું છે.

(પૂ. ગુરુજીને પૂ. કાકા દ્વારા પોતાનાં ઘણાં કાર્યો કરાવવાનાં હતાં અને તે ત્યારે જ શક્ય બને જ્યારે પત્નીનો સંપૂર્ણ સહકાર હોય. પૂ. જીજીમાં શ્રી યોગેશ્વરજીને તે ગુણો દેખાઈ આવેલા પ. પૂ. ગુરુજી જોઈ શકેલા કે સરસ્વતી સાચા અર્થમાં પૂ. નારાયણ-ભાઈની સહયોગિની છે.)

* * *

### પત્ર પ૭ માંથી

દેવપ્રયાગ, તા. ૧૦, એપ્રિલ '૪પ

પ્રિય નારાયણ,

હરેક માણસને સાધના કરવાની હોય જ છે એમ નથી. કેટલાક આત્મા આ સૃષ્ટિમાં અનુગ્રહ સૃષ્ટિના હોય છે. તેમનામાં પ્રેમ હોય છે, હૃદયની નિર્મળતા ને ભારી શ્રદ્ધા હોય છે, ને આ જ શક્તિના બળે તેમના પર ઈશ્વરનો અનુગ્રહ યથા સમયે થાય છે. તું ને સરસ્વતી આવા આત્માઓ છો. સંસારના વ્યવહાર તારી આત્મોન્નતિની આંતર અભિપ્સાને દબાવી કે તોડી શકશે નહિ. *

## પત્ર ૫૮ માંથી

દેવપ્રયાગ, તા. ૨, મે '૪૭

પ્રિય નારાયણ,

બેન સરસ્વતીનું શરીર હવે સારું છે તે આનંદની વાત છે. સરસ્વતી આનંદી છે. ને પ્રેમાળ પણ ખૂબ. નામ પ્રમાણે તો વિદ્યાની દેવી પણ. પ્રેમની જાણે તે દેવી જ છે. તેના જેવી સરલ, પ્રેમાળ, આનંદી સ્વભાવની સ્ત્રીઓ આજે જવલ્લે જ મળે. ખરેખર કોઇ પુણ્યપ્રદ મહાન પૂર્વસંબંધથી જ તમારો બંનેનો મેળાપ થઇ ગયો છે. જેથી જ્યાં અનેક જગાએ ગૃહસ્થાશ્રમ માત્ર ક્લુષિત, ઉદ્વેગમય, દુઃખદ ને પતિપત્નીના માનસ વચ્ચે તદ્દન મેળ વિનાનો થઇ ગયો જણાય છે, ત્યાં તમારો સંસાર સ્વર્ગમય, પ્રેમમય ને ખૂબ પ્રસન્ન માલૂમ પડે છે. આ કાંઇ જેવી તેવી વાત નથી. આજના સમયમાં આ વસ્તુ મહાન આશીર્વાદ જેવી છે.

(આ પત્ર પરથી સમજી શકાય છે કે પૂ. જીજી વિષેનો પૂ. યોગેશ્વરજીનો અહોભાવ કેટલો ઉચ્ચ હતો.)

* * *

## પત્ર ૬૨ માંથી

વઢવાણ કેમ્પ, તા. ૧, ફેબ્રુ. '૪૮

પરમ પ્રિય નારાયણ,

તારા પ્રેમને જોઇને અમે ગદ્ગદ્ થઇ જઇએ છીએ. તું તેમ જ સરસ્વતી બંને કાંઇ કાચી માટીમાંથી બનેલાં નથી. તમે પ્રેમનાં પવિત્ર પુષ્પો છો, ને તેથી જ બંને એકઠાં મળી, હાથમાં હાથ મિલાવી, આજે જીવનમાં સુખ પામો છો. તમારું એ સુખ અક્ષય રહે, ને તમારો પારસ્પરિક પ્રેમ આત્માના દર્શન સુધી મદદગાર બને, એ મારી કામના છે.



સરસ્વતીનો પત્ર મારા પર કોઇ કોઇ વાર આવે છે. તેમાં કાંઇ જ પાંડિત્ય, ભાષાવિહાર કે શબ્દજાળ હોતી નથી. પણ મને તે એકથી વધારે વાર વાંચવો ગમે છે. કેમ કે તેમાં જે સ્વચ્છતા, સચોટતા ને ભાવમયતા હોય છે તે મને ખૂબ પ્રિય છે. પાંડિત્ય, ભાષાવિલાસ ને દંભ ઘણાં જાણે છે. એવા માણસો દુનિયામાં ડગલે ને પગલે મળશે, પણ હૃદયની આવી ભાવમયતા, પવિત્રતા ને સ્વચ્છતા દેવદુર્લભ વસ્તુઓ છે, ને ઈશ્વરના અનેક આશીર્વાદ વિના તે મળી શકતી નથી. જ્યાં આ દેખાય છે ત્યાં મારું હૃદય પ્રેમને દોરે બંધાઇ જાય છે.

ઇડર જવા વિશે તારી વિગત જાણી છે. મારું માનવું એમ છે કે હવે તો પંચમી તદ્દન નજીક છે. તો તેટલા દિવસ ઈશ્વરેચ્છાથી અહીં જ કાઢી નાંખું. તારે તારી પ્રવૃત્તિને તોડી મરોડી નાંખવી પડે, ને આર્થિક ફટકો પણ સહેવો રહે. આ વાત કાંઇ ઉપેક્ષા કરવા જેવી નથી જ. વળી પંચમી પછી મારે કોઇ કઠિન સાધનમાં પડવું પડે, તો તારે તો મુંબઇ તરત જ ફરવું પડે, ને તે પરિસ્થિતિમાં મને તારા વિનાનું ઇડર ન જ ગમે. એટલે પંચમી ને તે પછીનો થોડો સમય અહીં જ વીતાવું તો કંઇ ખોટું નથી. તે છતાં જો ઈશ્વરની ઇચ્છા જ હોય, ને તેવી વ્યવસ્થા સુખપૂર્વક થઇ રહે, તો તું મને ત્યાં લગીમાં અહીં જ લખજે. આપણે આનંદપૂર્વક સાથે સાથે ઇડર જઇશું, ને પંચમી પછી પણ થોડા દિવસ ત્યાં રહીશું. પણ તેવો નિર્ણય કાંઇ પણ મુશ્કેલી સહ્યા વિના ને આપોઆપ ઈશ્વરી પ્રેરણા કે ઇચ્છા પ્રમાણે થતો હોય તો જ બરાબર છે.

* * *

### પત્ર ૬૩ માંથી એક ધ્રુવ વાત.

વઢવાણ કેમ્પ, તા. ૧, જાન્યુ. '૪૮

પ્રિય નારાયણ,

બેન સરસ્વતીને ઇડર ના આવવાથી દુ:ખ થયું, પણ પ્રેમ હોય તેણે એટલો ભોગ પણ આપવો જ રહે છે. પ્રેમમાં મિલન થવાની ને ભોગવીને આનંદ કરવાની જે મજા છે, તેવી જ બીજી મજા વિરહની ને સહન કરવાની છે. આમાં પ્રેમની પરમ કસોટી થાય છે, અને એક પ્રકારના અગ્નિમાં પ્રેમ તપીને કંચન જેવો ખરો ને વિશુદ્ધ બને છે. ને જેને સાચો પ્રેમ છે, ને સાચું દુ:ખ પણ થાય છે, તેને તો સુખ પણ તરત જ સાંપડે છે. આ વાત સરસ્વતીને ત્યાં થયેલા રાત્રિ અનુભવ પરથી બરાબર સમજાય છે. પણ તે કાંઇ તેટલાથી જ સંતોષ માને? પણ ઈશ્વરેચ્છા વિના કંઇ પણ ક્યાં થઇ શકે છે? ઈશ્વર ધારશે ત્યારે કંઇ જ વાર નહિ લાગે, ને આપણે જરૂર જરૂર મળીશું. શરીર ખૂબ ઘસાઇ ગયું છે, એટલે તેને સમૃદ્ધ કરવાની પણ ઇચ્છા છે. ને ઈશ્વરની ઇચ્છા હોય તો સરસ્વતી જેવી પ્રેમાળ બેનની માવજત નીચે લાંબો વખત ઇડરના ગ્રામ પ્રદેશમાં કુદરતી જીવનના આનંદ વચ્ચે રહીને તે સમૃદ્ધિ મેળવવી છે. પણ ઈશ્વર તે મંજુર કરે ત્યારે ખરું.

* * *

### પૂ. સરસ્વતીબેન (જીજી) અને અમારા સંસ્મરણો

ઝિંઝુવાડિયા કનૈયાલાલ

મારી માન્યતા પ્રમાણે પરમ વંદનીય ગુરુદેવના લીલા સંવરણ પછી પ્રથમ સમયે જ પ. પૂ. મા શ્રી શ્રી સર્વેશ્વરીજીનું ભાવનગર પૂ. નારાયણકાકાને ત્યાં આગમન થયેલ. પૂ. માનો આદેશ



હતો કે "અધ્યાત્મ" માસિકનો વધારે ને વધારે પ્રચાર થાય તેવા પ્રયત્નો દરેક સાધકોએ કરવા. વાર્ષિક ગ્રાહકો હોય તેમણે આજીવન સભ્ય થઇ જવા પ્રયાસ કરવા.

માની વિદાયના આગલા દિવસની રાત્રિએ મારા પુત્ર ચિ. ઉપેન્દ્રભાઇએ અમે વાર્ષિક ગ્રાહકમાંથી આજીવન સભ્ય થઇ જઇએ તેવી ઇચ્છા પ્રગટ કરી. પરંતુ તે સમયે અમારી આર્થિક પરિસ્થિતિ તે માટે અનુરૂપ ન હોવાથી મેં ચિ. ઉપેન્દ્રભાઇને જણાવ્યું કે આપણું વાર્ષિક લવાજમ ભરવામાં પણ એકાદ મહિનો મોડું થઇ જાય છે ત્યાં આજીવન સભ્ય થવાની વાત ક્યાં રહી? ત્યાં તે વાત એટલેથી જ અટકી ગઇ.

બીજે દિવસે સવારે પૂ. માને વિદાય આપવા સૌ ભક્તો પધાર્યાં. તે વખતે ભાવનગર કેન્દ્રના સાધક શ્રી જયરામભાઇએ આજીવન સભ્ય થયાની જાહેરાત કરી. ત્યાર પછી ઉપેન્દ્રભાઇએ પૂ. કાકા સાથે કાંઇક મસલત કરી અને મારું પણ આજીવન સભ્ય થયાનું જાહેર કર્યું. ત્યાર બાદ ઉપેન્દ્રભાઇ દર મહિને રૂ. ૨૫ જીજીને આપતા. આમ દસ મહિના સુધી જીજીએ તે રકમ એક લોટામાં કે બીજા કોઇ સાધનમાં એકઠી કરી રૂ. ૨૫૦ પૂરાં થયા ત્યારે પૂ. કાકાને આપ્યા. આવા હતાં જીજી.

* * *

કોઇ વખત સવારના સમયે પૂ. કાકાને ત્યાં જવાનું બનતું તો જીજી ખાટ ઉપર બેઠાં બેઠાં માળા ફેરવતાં હોય અથવા કાંઇક ને કાંઇક વાંચતાં હોય. આ જ તેમની પ્રવૃત્તિ. પ્રતિમાબેન રસોઇ કરવામાં વ્યસ્ત હોય. પૂ. કાકા સેવા પૂજા કરતા હોય. જીજીને કાકા છે કે નહિ તે પૂછીએ તો હાથથી જ ઇસારો કરી બારી તરફ હાથ ચીંધે. તેમની ચિર વિદાય પછી તે ખાટ જોઇ અમો ખૂબ જ વ્યથા

અનુભવીએ છીએ. એમ થયા કરે કે ખાટ તો છે પણ આજ જીજી ક્યાં?

* * *

એક વખત તેમની ઘણી જ નાજુક અવસ્થા સમયે કાકાને ત્યાં જવાનું થયું. સવારનો સમય હતો. કાકા મારી ધારણા મુજબ ઘરે હતા નહિ. અથવા આઘા પાછા હશે. જીજી મને કહે 'કનુભાઇ, સૂઇ રહેવાથી પેટમાં દુઃખે છે તેથી બેસી રહેવું પડે છે. કાંઇ ખવાતું પણ નથી. કોઇ દવા કામ કરતી નથી. હવે તો પ્રભુ ઉપાડી લે તો સારું.' મેં કહ્યું, 'જીજી આટલી આટલી દવા કરો છો તો સારું થઇ જ જશે. અને જ્યાંસુધી આપણે આ જગતમાં શ્વાસ લેવાના ભગવાને નિર્માણ કર્યા હોય તેટલા લેવા જ પડે છે. બધું પરમાત્માના હાથમાં છે. તેમની ઇચ્છા મુજબ જ જીવવાનું છે. તમારી ઉપર તો પૂ. ગુરુદેવની પૂર્ણ કૃપા છે તો પછી ડરવાનું શું? બને તેટલું નામ સ્મરણ કરવું.

ઉપેન્દ્રભાઇને તો કાકાને ત્યાંત્રીજે ચોથે દિવસે જવાનું બને જ. છેલ્લા દિવસોમાં તેની પાસે જીજી પોતાની વ્યથા કહેતાં. છેલ્લે છેલ્લે તેઓ ગેસ અને સતત આવતી પીડથી ખરેખર થાકી ગયાં હતાં. ઉપેન્દ્રભાઇ ઘરે આવી જીજી સાથે જે કાંઇ વાત થઇ હોય તે કહે ત્યારે હું ખૂબ જ ખિન્ન બની જતો.

છેલ્લા દિવસોમાં તેમને હેમરેજ થઇ ગયું. પડી જવાથી ફેક્ચર થઇ ગયું છે તેવું ડોક્ટરે નિદાન કરેલ હોવાથી તેમને ઓર્થોપિડિક હોસ્પીટલમાં દાખલ કર્યા. બે'ક દિવસ ત્યાં રાખી ત્યાંથી કાકાના ઘરથી થોડે જ દૂર એક નર્સિંગ હોમમાં રાખ્યા અને ત્યાં પણ કાંઇ રાહત ન જણાતાં છેવટે રાજકોટ લઇ ગયા.



આ જ અરસામાં મારાં ભત્રીજાનું અવસાન થએલ હોવાથી બારેક દિવસ સુધી કાકાને ત્યાં જવાનું બનેલ નહિ તેથી ઉપર જણાવ્યા મુજબ જે બધું બની ગયું તેનાથી અમો સાવ અજાણ હતા. મારા ભત્રીજાની ઉત્તરક્રિયા પછી જ્યારે અમે ધ્યાન કેન્દ્રમાં ગયા ત્યારે આ વાતની ખબર પડી.

અજયભાઇ જ્યારે જ્યારે રાજકોટથી આવે ત્યારે જાણવા મળે કે જીજી બેભાન અવસ્થામાં જ છે. તેમણે ઉપેન્દ્રભાઇને વાત કરી કે જીજી તો બેભાન જ છે તેથી તમે રાજકોટ ખબર કાઢવા આવો તો પણ તેનો કાંઇ અર્થ નથી. પરંતુ આજ અમારા હૃદયની એ વ્યથા અમને કોરી ખાય છે. અમને થાય છે કે રાજકોટ જઇ આવ્યા હોત તો છેલ્લે છેલ્લે તેમનું મોઢું તો જોવાત. પરંતુ પ્રભુની ઇચ્છા કાંઇ એવી જ હશે. હરિઃ ૐ

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

# નિઃસ્વાર્થતા

ડો. દેવદત્ત જોશી

સામાન્ય રીતે એમ મનાય છે કે આ જગત સ્વાર્થપરાયણ છે. સંસારના સર્વ સંબંધ સ્વાર્થયુક્ત છે. સગાંવહાલાં અંગત જીવનમાં આત્મીય કહેવાય એવાં બધાં જ માણસો પોતપોતાના સ્વાર્થમાં રાચે છે અને એ સ્વાર્થ સાધવા માટે આપણો ઉપયોગ કરી લે છે. એ વાતની ખબર આપણને બહુ મોડી પડે છે અને જ્યારે ખબર પડે છે ત્યારે આપણું હૃદય ભાંગી પડે છે. આપણે નિરાશ થઈ જઈએ છીએ. એ નિરાશા ન આવે એટલે સંતો આપણને ચેતવણી આપે છે. સંતસાહિત્યમાં સંસારના સ્વાર્થસંબંધોની વાત વણાઈ ગયેલી આપણે જોઈએ છીએ. એ આપણે વાંચીએ છીએ પણ જ્યાં સુધી અનુભવ થતો નથી ત્યાં સુધી આપણે આપણાં સગાંવહાલાં, મિત્રો, સંપર્કમાં આવેલ અનેક માણસોને પોતાનાં ગણીને તેમને વળગી વળગીને જીવ્યા કરીએ છીએ. સંબંધોને આધારે આપણે આગળ આગળ ચાલીએ છીએ. જ્યારે સામા માણસના સ્વાર્થીપણાનો અનુભવ થાય છે ત્યારે આપણે આપણી મૂર્ખતા પર બળાપો કરીએ છીએ, સામા માણસ પર ફિટકાર વરસાવીએ છીએ. આપણો આધાર જતો રહેલો લાગે છે અને આપણે એકલા પડી ગયા છીએ એમ લાગે છે. જીવનની ગતિ ત્યાં થંભી જતી લાગે છે. એ સંબંધ પૂરો થયો. હવે ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ એમ મન મનાવી જૂના સંબંધો છોડી ફરી નવા સંબંધો બાંધી નવા આધારો ખોળી લઈએ છીએ.



જે સ્વાર્થી છે તે પોતાની જાતને વ્યવહારકુશળ માને છે. સમાજમાં સૌનો ઉપયોગ કરી એ ફાવી જતો દેખાય છે ત્યારે સમાજમાં એક ખોટો આદર્શ ઊભો થાય છે. જે સ્વાર્થી નથી તેને એમ લાગે છે કે હું હૃદયના સાચા ભાવથી આ વ્યક્તિ સાથે સંબંધ રાખતો હતો અને એણે મારા ભાવનો ઉપયોગ કરી પોતાનો સ્વાર્થ સાધી મને છોડી દીધો. એટલે મને આ સંસાર જેને પ્રપંચ કહેવામાં આવે છે એમાં ગોઠવાઈ જતાં ન આવડ્યું. મારી જીવવાની પદ્ધતિમાં કંઈક ખામી છે. મારે પણ જો સમાજના ચોકઠામાં બંધબેસતા થવું હોય તો બહુજનસમાજની જે જીવનરીતિ છે તે અપનાવી લેવી જોઈએ. નહિ તો હું એકલો પડી જઈશ, ફેંકાઈ જઈશ. જીવનમાં મૂલ્યો વિષે એ સાશંક બને છે અને વિચારોના વમળમાં અટવાઈ જાય છે, એનું ચિત્ત અશાંત બને છે. જીવનનાં મૂલ્યોની સમસ્યા આજે પ્રત્યેક બુદ્ધિશાળી, સંવેદનશીલ માણસો અનુભવે છે. ચારે બાજુ સ્વાર્થ સાધવો, ગમે તે રીતે, એ વાતાવરણ હોય ત્યારે એ નજર દોડાવે છે ભૂતકાળની સાંસ્કૃતિક પરંપરા તરફ, અર્વાચીન જીવનચરિત્રો તરફ કે કોઈ નિઃસ્વાર્થી છે? જેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી જીવનને આગળ ધપાવી શકાય? આમ વિચાર કરતાં એને એમ લાગે છે કે મોટાભાગનાં માણસો ભલે સ્વાર્થી હોય, સ્વાર્થીપણું એ જીવનનો આદર્શ કદી ગણાયો નથી. જીવનનો આદર્શ તો નિઃસ્વાર્થતા જ છે. સ્વાર્થી માણસો અમુક માણસોને ઘણા વખત સુધી મૂર્ખ બનાવી શકે, ઘણા માણસોને અમુક વખત સુધી મૂર્ખ બનાવી શકે પણ બધા માણસોને હંમેશને માટે મૂર્ખ બનાવી ન શકે. એમનો સ્વાર્થ ખુલ્લો પડી જતાં સમાજમાંથી એવા ફેંકાઈ જાય છે કે એમના જેવી એકલતા, આધારહીનતા એમની સ્વાર્થપણાનો ભોગ બનેલી

વ્યક્તિની એકલતા, આધારહીનતા કરતાં અનેકગણી વધારે હોય છે. જે નિઃસ્વાર્થભાવે હૃદયના સંબંધો બાંધે છે એને આત્મસંતોષ પણ મળે છે કે હું ભલે છેતરાયો, મેં કોઇને છેતર્યા નથી. થોડો વખત નિરાશ બને પણ ફરી પાછો એ ઊભો થઇ શકે છે. આવા માણસોનો પણ એક બહુ મોટો વર્ગ સમાજમાં સાથે સાથે જીવતો હોય છે. સ્વાર્થપરાયણ જગતની સાથે નિઃસ્વાર્થપરાયણ જગત પણ છે. આવા નિઃસ્વાર્થી માણસો ભલે સમાજમાં સંત તરીકે ઓળખાતા કે પૂજાતા ન હોય, એ સંતપ્રકૃતિના તો હોય જ છે. એમનું સંતપણું વધારે વિકસતાં એમનું જીવન વધારે ઉન્નત બનતાં સમાજ એમને સંત તરીકે ઓળખે છે.

સંતો નિઃસ્વાર્થી હોય છે. એમના દ્વારા અન્યને લાભ થતો હોય તો એમને આનંદ હોય છે. એમને તો ચંદનની માફક ઘસાઇ છૂટીને જીવનની સુવાસ જ પ્રગટાવવી હોય છે. નારેશ્વરના સંત પૂ. શ્રી રંગ અવધૂત કહે છે તેમ "ચંદન સમ નિજ કાય જલાના, જગમેં સુગંધ ફૈલાના." એમના જીવનમાં સ્વાર્થી માણસો જેવી લાભ–ગેરલાભની કોઇ ગણત્રી હોતી નથી. એટલે એમને સરવાળે કંઇ જ ગુમાવવાનું પણ હોતું નથી. એમનો સમાજ પ્રત્યેનો પ્રેમ સહજ હોય છે. પોતાના કર્મ દ્વારા, પોતાના જીવન દ્વારા સમાજને કંઇ પ્રાપ્ત થતું હોય તો એમનું મન પ્રસન્ન થાય છે, ભલે સમાજ એનો સ્વાર્થ સાધે. સહજ કર્મ કરતા રહેવું, નિષ્કામભાવે નિઃસ્વાર્થભાવે, એમાં સ્વાર્થ પ્રવેશી ન જાય એવી સભાનતા રાખવી એ જ એમનો સ્વ–અર્થ સ્વાર્થ હોય છે. એટલે નિઃસ્વાર્થતા એ જ વ્યક્તિ અને સમાજ માટે આદર્શ છે.

(આકાશવાણીના સૌજન્યથી)



# ઋષિવર યોગેશ્વરજીને શ્રદ્ધાંજલિ

તંત્રી

"આપને ઈશ્વરનું દર્શન થયું છે એમ આપના કેટલાક અનુયાયીઓ કહે છે. તો શું એ સાચું છે? અને જો તે સાચું હોય તો તેની સાબિતી આપ કંઇ આપી શકો?"

આફ્રિકાના ઝાંબિયા સ્ટેટના કાબ્વેના ટી. વી. રીલે સેન્ટર પર પૂછાયેલા આવા સીધા પ્રશ્નનો ઉત્તર મહાત્મા શ્રી યોગેશ્વરજીએ જે સચોટતાથી સામો પ્રશ્ન પૂછીને આપ્યો, તેણે પ્રશ્ન પૂછનારને ઘડીભર દિગ્મૂઢ કરી દીધો!

તેઓએ પૂછ્યું:—તમે મને જુઓ છો તેની શી સાબિતી છે, તે મને કહેશો જરા?

પ્રશ્નકારે જવાબ આપ્યો:—હું તમને જોઇ શકું છું. વાત કરી શકું છું અને તમને સ્પર્શ પણ કરી શકું છું. આમાં આ સિવાય બીજી સાબિતી શું હોઇ શકે?

"બરાબર છે. જે રીતે તમે મને જોઇ શકો છો, તેજ રીતે હું પ્રભુને જોઇ શકું છું, એટલું જ નહિ, પરંતુ હું તેમની સાથે વાત કરી શકું છું. તેમને સ્પર્શ પણ કરી શકું છું. તેઓ મનેય સ્પર્શ કરી શકે છે. બોલો પછી તમારે શું સાબિતી જોઇએ? એક વાત સમજી લો કે આધ્યાત્મિક અનુભૂતિઓમાં કોઇ સાક્ષી ના હોઇ શકે. એક સાચો સંત એય આધ્યાત્મિક ક્ષેત્રનો એક મહાન વિજ્ઞાની છે. તેના અનુભવોને સમજવા માટે શ્રદ્ધા અને થોડી ભૂમિકા પણ જોઇએ, જેવી રીતે વિજ્ઞાનના ક્ષેત્રે કામ કરતા વિજ્ઞાનીના પ્રયોગોને સમજવા માટે જોઇએ તેવી."

આજના વિજ્ઞાન યુગમાં આટલી નિર્ભિકતાથી પરમહંસદેવ શ્રી રામકૃષ્ણ પછી શ્રી યોગેશ્વરજી પહેલા સંત છે જેમણે પોતાની આત્મિક અનુભૂતિનો આવો સચોટ ઉત્તર જાહેરમાં આપ્યો હોય. એક સર્વતોમુખી આધ્યાત્મિક પ્રતિભાસંપન્ન એવા આ સંત પ્રત્યે તેઓની હયાતી દરમ્યાન લોકોનું ધ્યાન ખાસ ના ખેંચાયું, તે ખરે જ ખેદજનક છે. પરિણામે તેઓના સર્વોત્તમ લાભથી સાંપ્રતકાળ-નો જનસમાજ વંચિત રહી ગયો. પરંતુ જે થોડાઓ એમના પરિચય અને સંસર્ગમાં આવ્યા તે ખરે જ ધન્ય બની ગયા.

૧૮, માર્ચ એ મહાપુરુષની દસમી પુણ્યતિથિ છે. માત્ર એક દસકા પહેલાં જ આ મહાપુરુષ આપણ સહુ વચ્ચે વિહરતા હતા, ફરતા હતા. એક સંત તો ઠીક, પણ એક સાચા આદર્શ માનવ પણ તેઓ હતા. એમના જીવનના પ્રસંગો આની અદ્‌ભુત સાક્ષી પૂરી જાય છે.

વળી તેઓએ આધ્યાત્મિક માર્ગે જે ખેડાણ કર્યું છે તે એટલું જ અદ્‌ભુત છે. તેઓ કેવળ યોગી, જ્ઞાની કે ભક્ત જ ના હતા, પરંતુ એક સાચા દેશપ્રેમી ભક્ત, લેખક, કવિ અને આર્ષદૃષ્ટા ઋષિ હતા, એમ કહીએ તો તેમાં કોઇ અતિશયોક્તિ નથી.

તેઓએ લગભગ ૧૦૦ જેટલા ગ્રંથો દ્વારા પોતાનો જ્ઞાન-વારસો સમાજને ધરેલ છે. તેઓનું સૌથી મોટું પ્રદાન મા શ્રી સર્વેશ્વરી જેવાં પરમ તપસ્વિની સ્ત્રી સંતનું છે. તેઓ છેલ્લાં દસ વર્ષથી અન્નનો સંપૂર્ણ ત્યાગ કરી, સાધનામાં રત રહી પૂ. યોગેશ્વરજીના યુગકાર્યને આગળ ધપાવી રહ્યાં છે.

એ સંત બેલડીને આપણા વંદન હો. ઋષિવર યોગેશ્વરજીને આપણા સહુની પ્રેમપૂર્વક શ્રદ્ધાંજલિ. □



# પ્રસંગ નાનો પણ રહસ્ય મોટું

યોગેશ્વરજી

કહે છે કે અશોકના વિખ્યાત કલિંગ વિજય પછી અશોકને યુદ્ધ પરથી વૈરાગ્ય થઇ ગયો. તેને થયું કે જે યુદ્ધમાં અનેક માનવો ને બીજાં પ્રાણીની હત્યા થાય છે તે યુદ્ધનો સદાને માટે ત્યાગ કરવો. પાછલા જીવનમાં તેણે તે પ્રમાણે કરી બતાવ્યું. આ તો યુદ્ધનો મોટો પ્રસંગ છે. પણ નાના હિંસક પ્રસંગો પરથી પણ માણસને જ્ઞાન મળી જાય છે.

એક માણસ બેદરકારીથી પાણીની પીચકારી ઉડાડતો હતો. તે પીચકારી સામેની દિવાલપર પડતી હતી. આ એક તદ્દન સાધારણ બનાવ હતો. પણ એકાદ બે મિનિટમાં તો તેનો બધો જ વ્યવસાય બંધ પડયો. તે નીચે બેસીને કૈં જોવામાં મશગુલ બની ગયો. થોડીવારમાં તો તેની આંખમાં પાણી પણ ભરાઇ ગયું. તેના મિત્રોને આશ્ચર્ય થયું. તેમણે કારણ પૂછ્યું તો તેણે જમીન તરફ તેનું ધ્યાન દોર્યું. ત્યાં કોઇ કીડી પડી હતી.

પેલા ભાઇએ કહ્યું. 'એમાં વળી રોવાનું શું છે?' તો તેણે જવાબ આપ્યો કે 'મેં મોટી ભૂલ કરી તેનું મને દુઃખ છે. આ કીડી દિવાલપરથી જતી હતી. મારી પીચકારીથી તે નીચે પડી ને મરી ગઇ.' 'પણ એમાં આટલું દુઃખી થવાનું શું છે? આવું ને આથી યે ભયંકર તો માણસથી કેટલું ય થાય છે. કીડીઓ કેટલીય મરે છે. એક કીડી મરી તેમાં આટલું દુઃખ?'

એ ભાઇને (મિત્રને) મન કીડીના જીવનનો કાંઇ હિસાબ ન

હતો. પણ તેનો મિત્ર તો હજી દુઃખી હતો. તેણે કહ્યું 'નહિ. પ્રત્યેક પ્રાણીને પોતાનો જીવ વહાલો છે. જીવન સૌને પ્રિય છે. આ જીવનથી જગતના એક પ્રાણીને વંચિત કરવાનો અપરાધ થયો તે માટે મને દુઃખ છે' આ બનાવ પછી તે ભાઇએ સમસ્ત જીવનમાં પીચકારી મારવાનું જ મૂકી દીધું.

પ્રસંગ ઘણો નાનો હોવા છતાં તેનું રહસ્ય ઘણું મોટું છે. નાની વાતોની અસર જીવન પર ઘણી મોટી પડે છે. જેમને આવી નાની વાતો પર વિચાર નથી થતો તેઓ મોટી વાતોનો વિચાર કરવામાં પણ વધારે ભાગે પાછા પડે છે. આવી નાની છતાં હિંસક મનોવૃત્તિ જ આગળ જતાં પાંગરવા માંડે છે, ને માણસ ગાય, બળદ, વાઘ, સિંહ ને હરણનો શિકાર કરવા માંડે છે. નિર્દોષ પંખીને કેદ કરવામાં ને મારવામાં આનંદ માને છે, ગૌરવ પણ અનુભવે છે, ને માણસોના ખૂન કરતાં પણ અચકાતો નથી. કોઈની પણ હત્યા કરવી એ તેને મન સાવ સાધારણ વાત છે. આનું જ નામ રાક્ષસીવૃત્તિ. આ વૃત્તિ જ્યાં જ્યાં જોવા મળે ત્યાં ત્યાં માનવના રૂપમાં રાક્ષસના વંસજો જીવી રહ્યા છે એમ સમજી લેવું.

પ્રામવ્યવહાર ધૈર્ય, સાવધાનતા, દીર્ઘદૃષ્ટિ ને વિવેકપૂર્વક થતો હશે. પારમાર્થિક કર્તવ્યમાં નિત્ય અગાધશ્રદ્ધા ને પરિપૂર્ણ ઉત્સાહથી જોડાતા હશો. પ્રામવ્યની યથાર્થ પ્રાપ્તિપર્યંત પ્રમાદ ને આલસ્ય ત્યજી સાવધાનતા ને ઉદ્યોગ સેવવાનાં છે એ તમને અજ્ઞાત નથી.

નાથ ભગવાન્.



# બોધકથાઓ

એક જીજ્ઞાસુ

## પોતે પોતાના દીપક બનો

ભગવાન બુદ્ધ મૃત્યુ શય્યા પર સૂતા હતા. તેમની પાસે બેસીને તેમનો પટ્ટ શિષ્ય આનંદ સેવા ચાકરી કરી રહ્યો હતો. બરોબર એ જ સમયે ભદ્રક નામનો એક શિષ્ય રડતો રડતો ત્યાં આવી પહોંચ્યો. રડવાનો અવાજ ભગવાન બુદ્ધના કાને પડયો; એટલે શિષ્ય આનંદને પૂછ્યું. 'આનંદ, આ કોણ રડે છે?' 'ભંતે, ભદ્રક તમારા અંતિમ દર્શન કરવા આવ્યો છે.' આનંદે પ્રત્યુત્તર આપ્યો.

'તો તેને મારી નજદીક બોલાવ' ભગવાને જણાવ્યું. આવતા-વેંત ભદ્રક તેમના ચરણોમાં નમી પડયો અને પોક મૂકીને રડવા માંડયો. ભગવાને તેને રડવાનું કારણ પૂછ્યું. 'ભંતે, હવે તમે અમારી વચ્ચે નહિ રહો. તમારા ગયા પછી અમને પ્રકાશ કોણ આપશે? એટલે હું રડી રહ્યો છું.' ભદ્રકે આંસુભર્યા નયને કહ્યું.

બુદ્ધ ભગવાને સ્નેહપૂર્વક તેના માથા ઉપર હાથ મૂક્યો અને પછી ઉપદેશ આપ્યો. 'ભદ્રક, પ્રકાશ તો તારી અંદર છૂપાયેલો છે. તેને બાહ્ય રીતે શોધવાની જરૂર નથી. જે અજ્ઞાની તેને દેવાલયો, તીર્થો, કંદરાઓ અને ગુફાઓમાં ભટકીને શોધવાના પ્રયત્ન કરે છે, તે અંતે નિરાશ થાય છે. તેથી વિરુદ્ધ મન, વાચા અને કર્મ વડે એકનિષ્ઠ બની સાધના કરનાર વ્યક્તિનું અંતઃકરણ સ્વયંત્રિત થઇ જાય છે. 'અપ દીવો ભવ' અર્થાત્ પોતાનો દીપક પોતે જ બનો.'

## પ્રભુ-દર્શન

એક વખત આગ્રા ગામમાં સત્સંગ હોલમાં સંત શ્રી લીલાશાહ મહારાજ સત્સંગ કરવા માટે સ્ટેજ પર બેઠા હતા. તે વખતે એક સત્સંગીએ ઊભા થઈને, હાથ જોડીને સ્વામી લીલાશાહને એક પ્રશ્ન પૂછ્યો કે, "સ્વામીજી, મેં સત્શાસ્ત્રનો ઘણો જ અભ્યાસ કર્યો છે. પરંતુ અત્યાર સુધી મને ભગવાનનાં દર્શન કેમ થયાં નથી?" સંત લીલાશાહ મુશ્કરાયા અને બોલ્યા : "અચ્છા, હું આજ તમારા પ્રશ્ન પર સત્સંગ કરીશ." અને પછી બધા જ સત્સંગીઓની સામે જોઈને સંત શ્રી લીલાશાહ બોલ્યાઃ–

"હે ભાઈઓ, ઈશ્વરના દર્શન ફક્ત સત્શાસ્ત્રના અભ્યાસથી પ્રાપ્ત થતાં નથી. અને ખૂબ જ વાદવિવાદ અને ચતુરાઈથી પણ પ્રાપ્ત થતાં નથી. ઈશ્વરની કૃપા વગર, દર્શન અપ્રાપ્ય છે. ઈશ્વરકૃપા પ્રાપ્ત કરવા માટે પવિત્ર જીવન અને હૃદયમાં ભક્તિભાવ જરૂરી છે. ભક્તિશાસ્ત્ર વાંચવાથી કેવળ શું વળે, અરે! ચારે ચાર વેદો, પુરાણો તથા ઉપનિષદોનું જ્ઞાન હોય પરંતુ જ્યાં સુધી મનમાં સાચો ભક્તિ–ભાવ ના જાગે અને જીવન પવિત્ર અને શુદ્ધ ના બને, ત્યાં સુધી શાસ્ત્રનું જ્ઞાન એ પોપટિયું જ્ઞાન છે. જેવી રીતે પોપટ રામ રામ આખો દિવસ બોલે છે, પંરતુ જ્યારે તે બિલાડી જુએ છે ત્યારે રામ રામનું જ્ઞાન ભૂલી જાય છે. અને ચું ચું ચું કરતાં ફફડે છે. બહારનું જ્ઞાન પોપટિયું જ્ઞાન એ ફળદાયક થતું નથી. જ્યાં સુધી રહેણી અને કરણી એક સમાન થતી નથી, ત્યાં સુધી જ્ઞાનજ્યોત પ્રગટ થતી નથી અને પ્રભુકૃપા કદાપિ પ્રાપ્ત થતી નથી. અને પ્રભુકૃપા વગર દર્શન થતાં નથી. પ્રભુકૃપા માટે પવિત્ર જીવન અને ભક્તિ અવશ્ય જોઈએ પરંતુ ચતુરાઈ અને અભિમાન ન જોઈએ. પંડિતાઈ એ એક વાત છે. પંરતુ પવિત્ર જીવન અને



ભક્તિ એ જુદી જ વાત છે. ઉપદેશ આપવો એ ઘણો જ સહેલો છે. પંરતુ તેના ઉપર ચાલવું એ જુદી વસ્તુ છે. યાદ રાખો ઈશ્વરની આજ્ઞા વગર જે પુરુષ બીજાને ઉપદેશ કરે છે તે અભિમાની જીવ છે. તેવા ઉપદેશથી દૂર રહો. પવિત્ર જીવન અને ભક્તિથી જ પ્રભુકૃપા પ્રાપ્ત થાય છે અને ત્યાર પછી જ દર્શન થાય છે. સત્શાસ્ત્રના અભ્યાસ સાથે સાથે પવિત્ર જીવન અને ભક્તિ અવશ્ય જોઈએ.

## રાવણના હૃદયમાં રામ

માતા સીતાજીને પામવા માટે ઘુઘવાતા સાગરમાં માર્ગ કરવા ભગવાન શ્રીરામના ભક્તો શ્રીરામનું નામ બોલીને ભક્તિભાવપૂર્વક દરિયામાં પથ્થર ફેંકતા હતા. દરિયામાં પડેલ પ્રત્યેક પથ્થર પ્રભુ રામના નામે તરતો હતો.

આ વાત જ્યારે રાણી મંદોદરીએ જાણી ત્યારે તેણે પતિદેવ લંકાપતિ રાવણને ઉદ્દેશીને કહ્યું, 'જોયુંને પ્રભુ રામના નામે પાણીમાં પથ્થર તરે છે. જો તમે તમારા હાથે દરિયામાં પથ્થર નાંખો અને એ તરે તો હું પણ આપને શ્રીરામચંદ્ર જેવા શક્તિશાળી માનું.'

રાણી મંદોદરીના આ શબ્દો સાંભળીને રાવણનો અહમ્ ઘવાયો. તેણે પથ્થર હાથમાં લીધો અને મોઢેથી રામનું નામ નહિ ઉચ્ચારનાર રાવણે પથ્થર પર 'રાવણ' લખીને આંખો બંધ કરી દરિયામાં ફેંક્યો.

કોઈ ચમત્કારરૂપે પથ્થર બીજા પથ્થરોની જેમ પાણીમાં તરવા લાગ્યો. આ જોઈને મંદોદરી નવાઈ પામી. પણ આ અકળ વાતનો ભેદ પામવા તેમણે રાવણને પૂછ્યુંઃ–

"પતિદેવ ભલે આપે પથ્થર પર આપનું નામ લખ્યું પરંતુ પથ્થર ફેંકતી વખતે આંખો બંધ કરી કોનું સ્મરણ કર્યું હતું? આપ સાચું ન કહો તો ઈષ્ટદેવની આણ છે."

લંકાપતિ રાવણે વાતનો ભેદ ખોલતાં કહ્યું, કે "રાણી પથ્થર પર ભલે લંકાપતિ રાજા રાવણનું નામ લખ્યું હતું. પરંતુ પથ્થર ફેંકતી વખતે મેં આંખો બંધ કરીને ભગવાન 'શ્રીરામ'ના નામનું જ સ્મરણ કર્યું હતું. આ કાર્ય વખતે મારા હૃદયમાં શ્રીરામ બિરાજેલા હતા. એ પથ્થર રાવણના નામે નહિ પરંતુ રામના નામે જ તરેલો."

અહંકારી રાજા રાવણને પણ પ્રભુ રામના ચરણ સિવાય છૂટકો ન રહ્યો.


અંબાજીમાં ક્યાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ. ગુ.) ૩૮૫૧૧૦




ઉત્તર વૃંદાવનના

# મહાયોગી શ્રીકૃષ્ણપ્રેમ

મૂળ લેખક : દિલિપકુમાર રોય

સંકલન : કનૈયાલાલ ઝીંઝુવાડિયા

લખનૌમાં રોનાલ્ડ નિકસનના બે અંતરંગ મિત્રો હતા. એક હતા ડૉ. જયગોપાલ મુખર્જી અને બીજા હતા જાણીતા પ્રોફેસર ધૂર્જટિપ્રસાદ મુખર્જી. તેમાં ધૂર્જટિપ્રસાદ મુખર્જી પૂરેપૂરા બુદ્ધિવાદી, તર્કવાદી અને મૂર્તિભંજક.

એક દિવસ સૌ ચા પીતા હતા. (દિલિપકુમાર રોય પણ તેમાં સામેલ હતા) ત્યાં અચાનક ધૂર્જટિએ 'દૈવીચમત્કારો'ની સામે યુદ્ધ પોકાર્યું. પ્રખર વક્તાની પેઠે મેજ પર હાથ પછાડી કહે 'ચમત્કારો બમત્કારો કાંઇ નથી! વિજ્ઞાને એમનું પોલ પકડી પાડયું, ત્યારથી ચમત્કારો 'બનતા જ અટકી ગયા છે!'

આ સાંભળી પ્રો. નિકસન ઠાવકું હસ્યા, તેમણે પડકાર ઉપાડી લીધો. કહે 'આટલા દિવસ તમારું વિજ્ઞાન હતું ક્યાં? હજી ગઇ કાલે તો એનો જન્મ થયો છે, એ ધાવણું છોકરું વયોવૃદ્ધનું પોલ શું પકડી પાડવાનું હતું? અને આ તે કંઇ જેવો તેવો વયોવૃદ્ધ છે? યુગોના યુગો થયાં હજી એ નિત્યયુવાન છે; ચમત્કારો તો પહાડ જેવા જૂના છે! આટલું કહી તેમણે પોતાના સ્વાનુભવનો એક પ્રસંગ વર્ણવ્યો.

તેમણે કહ્યું : 'પ્રથમ વિશ્વયુદ્ધ વખતે હું પાઇલટ (વિમાન ચાલક) હતો. વિમાન–ચાલક તરીકે મારું કામ દુશ્મનપ્રદેશ પર બોમ્બ ઝીંકવાનું હતું. એક દિવસ હું દુશ્મનોની હીલચાલનું

નિરીક્ષણ કરવા ઊઠતો હતો; ત્યાં તો મેં પાંચસાત ફાઈટર વિમાનોને ઊડતાં જોયાં. હું સમજ્યો કે એ અમારા પક્ષનાં એટલે કે રોયલ એરફોર્સનાં વિમાનો છે, તેથી એમની તરફ જવા હું મારા વિમાનને જમણી બાજુ વાળવા ગયો, ત્યાં તો કોઈ અદૃશ્ય શક્તિએ જોરથી મારું કાંડુ પકડયું, અને વિમાનને એકદમ ડાબી બાજુએ વાળી દેવડાવ્યું. હું તો મૂઢ જ બની ગયો, કારણ એ શક્તિ એટલી બધી ચોક્કસ હતી, કે એના વિષે શંકા કરી જ ન શકાય. માન્યામાં ન આવે એવું એ સત્ય હતું. થોડીવારમાં તો હું જ્યાંથી ઊપડયો હતો ત્યાં પાછો આવી પહોંચ્યો. મને જોઈ મારા સાથીદારો કહેવા લાગ્યા કે સારું થયું, તું તરત પાછો આવી ગયો તે! એ દુશ્મનોનાં વિમાનો હતાં! હવે મને ભાન થયું કે હું ચમત્કારી રીતે બચી ગયો છું. દોસ્ત ધૂર્જટિ, આ વાત માનો કે ન માનો, પણ આપણી ધારણા બહારની કોઈ શક્તિએ જ આ ચમત્કાર સરજ્યો હતો એ વિષે મને કોઈ શંકા નથી. મુસીબત માત્ર એ છે કે નજરે દીઠું મનાય, સાંભળ્યું મનાય નહિ. આપણા લોકોને આંખનો ભરોસો છે એટલો કાનનો નથી. ખાસ કરીને એવા લોકોને, જેઓ પોતાનાં વહેંતિયા મગજથી બધું માપવા માગે છે, અને માપી શકતા નથી ત્યારે એની ઠેકડી ઉડાડે છે!'

* * *

યશોદામાએ હિમાલયમાં આલમોડાથી અઢારેક માઈલ દૂર મીરટોલામાં વૈષ્ણવ મંદિર અને આશ્રમ સ્થાપ્યા હતાં. આશ્રમનું નામ ઉત્તર વૃંદાવન.

વિશ્વવિખ્યાત દાર્શનિક રાલ્ફ વાલ્ડો ઇમરસનની પૌત્રી, નામે ગર્ટુડ, બંગાળી વિજ્ઞાની શ્રી બોશીસેનને પરણ્યાં હતાં અને આલમોડામાં રહેતાં હતાં. તેઓ શ્રીકૃષ્ણપ્રેમ વિષે લખે છે કેઃ—"શ્રીકૃષ્ણપ્રેમની સાથેનો અમારો અંગત સંબંધ હમેશાં અનોખા પ્રકારનો હતો. એમના નજીકના શિષ્યો કે અંતરંગ અનુયાયીઓના વર્તુલના હોવાનો અમારો દાવો નથી, પરંતુ અમારો એમના પર ખૂબ જ પ્રેમ હતો, જે વરસે-વરસે વધતો જતો હતો. એમનું હૃદય એવું વિશાળ હતું કે એમાં અમારો પણ સમાવેશ થઈ જતો હતો."



અમે એમને પહેલાં મળ્યાં ત્રીસથીયે વધારે વર્ષ પહેલાં. આલમોડામાં, અમારા ઘરની પાસે પહાડના સીધા ઢોળાવ પર આવેલી નાનકડી રામકૃષ્ણ કુટિરમાં રામનામ સાંભળવા અમે ઘણીવાર જતાં, તેમ એ વખતે પણ ગયાં હતાં. ત્યાં ભૂરી આંખોવાળી એક ગોરી અજાણી વ્યક્તિને સાધુઓ ભેગી ભોંય પર બેઠેલી જોઈ મને નવાઈ લાગી. એને જોતાં જ ખબર પડી જાય કે એ પરદેશી છે, કદાચ અંગ્રેજ હશે. એણે ભગવાં ધારણ કરેલાં હતાં અને રામધૂનમાં એ એવો મસ્ત બની જતો હતો કે પૂરેપૂરો ભારતીય લાગે. રામનામ પૂરું થયા પછી એક સાધુએ અમને કહ્યું કે એ શ્રીકૃષ્ણપ્રેમ છે, અને તેમણે એક બંગાળી સંન્યાસિની શ્રીયશોદામાની પાસે સંન્યાસ દીક્ષા લીધેલી છે.

આ પછી થોડા વખતમાં શ્રીકૃષ્ણપ્રેમ અચાનક અમને મળવા અમારે ત્યાં આવ્યા. એમનામાં પોતાપણાના ભાનનો અને દંભનો સંપૂર્ણ અભાવ હતો. વળી ભારત માટે અને ભારતની ધર્મભાવના માટે એમનામાં જે ભારોભાર માન હતું તેનાથી તેઓ એકદમ અમારા પ્રિય થઈ પડયા. 'આ તો બસ, આમ જ!' એમ ધર્મગુરુની પેઠે તેઓ ઠોકી બેસાડવાનો પ્રયત્ન કરતા નહિ. થોડી વાર તેઓ અમારા નાનકડા કમરામાં અભરાઈઓ પર પડેલી ચોપડીઓનાં નામ વાંચવા ઉભા રહ્યા, પછી ત્વરાથી અમારી સામે ફરી મધુર સ્મિત કરી બોલ્યા. "આ ગ્રંથોના માલિકોની સાથે મને ઠીક

બનશે એવું લાગે છે." એ વખતે અમને ખબર નહોતી કે સંસારત્યાગ કરતા પહેલાં તેઓ કેમ્બ્રિજના તેજસ્વી સ્નાતક પ્રોફેસર રોનાલ્ડ નિક્સન હતા, અને લખનૌ તથા બનારસની યુનિવર્સિટીઓમાં અંગ્રેજી સાહિત્ય શીખવતા હતા. સંસ્કૃત અને પાલીનો પણ તેમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. બંગાળી અને હિંદીમાં પણ તેઓ છૂટથી બોલી શકતા.

અમારી મૈત્રીની ગાંઠ એકદમ આવી મજબૂત થઇ ગઇ એનું બીજું પણ કારણ છે. મારા પતિના ગુરુના ગુરુ સ્વામી વિવેકા-નંદ જ્યારે અજ્ઞાત સંન્યાસી તરીકે ફરતા હતા, ત્યારે તેમણે ગાઝી-પુરમાં બંગાળમાં પ્રચલિત એવી કુમારી–પૂજાના પ્રતીક તરીકે પોતાના યજમાનની નાની છોકરીને પસંદ કરી હતી. એ જ નાનકડી બ્રાહ્મણ કન્યા તે શ્રી યશોદામાઇ.

દિલીપકુમાર રોયે આ વિષે પૂછતાં એક વાર યશોદામૈયાએ હસીને કહ્યું "પરંતુ યથાર્થ કહીએ તો એ કંઇ પૂજા નહોતી. હું તો તે વખતે બારતેર વરસની છોકરી હતી, દિલીપ! મારા પિતા તે વખતે ગાઝીપુર રહેતા હતા અને સ્વામી વિવેકાનંદ ત્યાં આવ્યા હતા. એક–બે વાર તેઓ મને ફૂલ ધરવા આવેલા. લોકો એને કુમારી પૂજા કહે છે. એ કંઇ ખરેખરી પૂજા નહોતી, એમાં ઘંટ, ગ્રંથ કે દીપ કશું નહોતું." અ ળી હું (શ્રીરોય) આભો બની ગયો. 'એમણે તમારાં ચરણ રેલાં, મા! સ્વામી વિવેકાનંદે તમારામાં કંઇક જોયું હોવુ ાઇએ, એ વિના તેઓ તમારા ચરણમાં ફૂલ ધરી તમારો આટલો આદર કરવા પ્રેરાય નહિ!'

હવે મોતીરાણી (યશોદામાઇની પુત્રી) બોલી. 'ફૂલ ધરેલાં, એટલું જ નહિ, એમણે ઘણી વાર એમની આગળ સ્તોત્રો ગાયેલાં!'



ગર્ટ્રુડ ઇમરસન સેન કહે છે કે 'વરસેક પછી સ્વયં યશોદા-માઇનાં દર્શન કરવાનું સદ્ભાગ્ય અમને સાંપડયું. આલમોડાના ડાક બંગલામાં તેમનો મુકામ છે એ જાણી અમે એમનાં દર્શન કરવા ગયાં. અમે એમને વિનંતી કરી કે હવે પછી જતાં આવતાં અમારે ત્યાં ઉતરવાનું રાખો, અને એમણે અમારી એ વિનંતીનો સ્વીકાર કર્યો. આ પછી સ્વાભાવિક રીતે અમને મીરટોલાનો ઉત્તરવૃંદાવન આશ્રમ જોવાનું મન થયું, અને છેવટે એક જુન મહિનામાં અમારી એ ઇચ્છા પૂરી થઇ.

તે વખતે મીરટોલા જવાનો મોટર રસ્તો નહોતો. અઢાર માઇલનો ધૂળિયા રસ્તો ઘોડા પર કે પગે ચાલીને કે ચાર માણસોના ખભા પર ડોળીમાં કાપવો પડતો. અમે ઘોડા પસંદ કર્યા, પણ છેલ્લો દોઢેક માઇલનો રસ્તો ઘોડા માટે પણ કઠીન હતો, તેથી અમે ઘોડા પરથી નીચે ઉતરી પગપાળા એ રસ્તો કાપ્યો. તે પછી એકાએક અમે જાણે એક જાદુઇ ફૂલબાગમાં આવી ઉભાં! ચારે તરફ ફૂલો જ ફૂલો! સામે જ લીલાંછમ વૃક્ષો વચ્ચે મંદિરનો ઘુંમટ! અમે જાણે કોઇ દૂરની ભૂમિ પર આવી ચડયાં હતાં, શાન્ત ભૂમિ. આશ્રમના યજમાનો અમારો સત્કાર કરવા એકદમ બહાર દોડી આવ્યા. બાગમાં અમારાં પગરખાં કાઢી, અમે મંદિરમાં પ્રવેશ કર્યો. અને ગર્ભગૃહમાં આરસની પીઠિકા પર જોડાજોડ ઉભેલાં રાધાકૃષ્ણને પ્રણામ કર્યા! એમના ચરણમાં તાજાં ફૂલ વેરાયેલાં હતાં!

ડો. આર એલેકઝાન્ડર F.R.C.S. કેમ્બ્રિજ કાળથી કૃષ્ણપ્રેમના મિત્ર હતા, કૃષ્ણપ્રેમની પાછળ તેઓ ભારતમાં આવ્યા હતા, અને લખનૌની ખૂબ જ તેજસ્વી દાકતરી કારકીર્દી છોડી કૃષ્ણપ્રેમના

હાથે દીક્ષા લઈ સંન્યાસી બન્યા હતા, અને કાયમ માટે મીરટોલા આવી રહ્યા હતા. હવે તેમનું નામ હરિદાસ રાખવામાં આવેલ.

એ પછી માધવ આશિષ એમની સાથે જોડાયા. તેઓ પણ બીજા વિશ્વયુદ્ધ વચ્ચે બંગાળના વિમાનગૃહના ઇજનેર તરીકે ઇંગ્લાંડથી ભારતમાં આવ્યા હતા. લડાઈ પૂરી થઈ ત્યારે તેઓ હિમાલયનાં સ્થળોમાં ફરવા માટે આવ્યા, ત્યાં તેમણે કૃષ્ણપ્રેમ વિષે સાંભળ્યું, એક દિવસ એમને મળવા ગયા, અને એમની પાસે જ રહી ગયા!

મોતીરાણી યશાદાબાઈની દીકરી હતાં, યશોદામાઈનાં અવસાન પછી તેમણે લાંબા વાળ કપાવ્યા હતા, અને કૃષ્ણપ્રેમની પાસે દીક્ષા લઈ ભગવાં ધારણ કરી સંન્યાસિની બન્યાં હતાં. તેઓ પાંચ વર્ષનાં હતાં ત્યારથી કૃષ્ણપ્રેમને પોતાના મોટાભાઈ તરીકે ઓળખતાં હતાં. તેઓ જીવ્યાં ત્યાં લગી સ્વતંત્ર આત્મા રહ્યાં, આશ્રમના નિયમોને પણ માનવાની તેઓ ના કહેતાં. આશ્રમના બગીચાની એક તરફ મોતીરાણીની નાનકડી કુટિર હજી પણ ઊભી છે. પ્રાણવાન અને સદા હયાત, એવાં મોતીરાણી આજે પણ કોઈ કોઈવાર પોતાની નાનકડી કુટિરની મુલાકાતે આવતાં અને ઉત્તર વૃંદાવનના ફૂલોની કિનારીવાળા રસ્તાઓ પર દોડતાં જણાય છે. આમ શ્રીકૃષ્ણપ્રેમ, હરિદાસ, માધવ આશિષ, મોતીરાણી વગેરે ઉત્તર વૃંદાવન આશ્રમનાં પ્રાણ સમાન હતાં.

જ્યારે યશોદામાને એમના શિષ્ય રોનાલ્ડ નિક્સને પોતાની તમામ દુન્યવી મિલ્કત સમર્પિત કરી દીધી, ત્યારે માએ એનાં પુસ્તકો બરાબર સાચવ્યાં હતાં. આશ્રમના એક અલગ મકાનમાં એ પુસ્તકો રાખવામાં આવ્યાં હતાં. શ્રીકૃષ્ણપ્રેમે ભણાવવાનું ચાલુ રાખ્યું હતું. પ્રોફેસર નિક્સન મરી ગયો હતો, પણ જ્ઞાન પ્રસારનું



એનું વ્રત ચાલુ હતું. આખા ભારતમાંથી અને પરદેશોમાંથી પણ એમના પર સંખ્યાબંધ પત્રો આવતા અને એના જવાબ લખવામાં એ રોકાયેલા રહેતા. આ ઢગલાબંધ પત્રવ્યવહારમાંથી અને એમના સંધ્યાસમયના વાચનમાંથી ત્રણ પુસ્તકોનું નિર્માણ થયું. એ પુસ્તકો પહેલાં મુંબઈ થિયોસોફિકલ લોજના મુખપત્ર "The Aryan Path"માં લેખમાળા રૂપે પ્રગટ થયા હતા. પહેલું પુસ્તક સૌથી નાનું છે. એનું નામ The Search for Truth (સત્યની શોધ) બીજું પુસ્તક 'ભગવદ્‌ગીતાનો યોગ' અને ત્રીજું 'કઠોપનિષદનો યોગ.'

ઉત્તર વૃંદાવનમાં દરેક જણ કામ કરતું, દરેક જણ પોતાની આવડત સૌની સેવામાં મૂકતું. યસોદામા ગામના છોકરાંઓ માટે શાળા ચલાવતાં અને તેમને પ્રાથમિક શિક્ષણ આપતાં તથા વ્યવહારુ આરોગ્યના પાઠ શીખવતાં. એમની તબિયત સારી રહી ત્યાં સુધી તેમણે આશ્રમમાં રસોઈ પણ કરી. ડૉ. એલેક્ઝાંડર જેમણે હવે હરિદાસ નામ ધારણ કરેલ, તેઓ દવાખાનું ચલાવતા અને દરદીઓને દવા આપતા. શ્રીકૃષ્ણપ્રેમ એમના મદદનીશ બની કામ કરતા. મજૂરો આશ્રમની જમીન ખેડતા, આશ્રમની અન્નની જરૂરિયાત એમાંથી ઘણીખરી પૂરી પડતી. આજુબાજુનાં ગામડાંના ખેડૂતો પોતાને આશ્રમના ચેલા તરીકે ઓળખાવતા, અને આશ્રમને નિયમિત પોતાની સેવાઓ આપતા.

મંદિર આશ્રમનું હૃદય હતું અને હજી પણ છે. પહેલાં શ્રી યશોદા મા એની વ્યવસ્થા સંભાળતાં. તેમના ગયા પછી શ્રીકૃષ્ણપ્રેમ અને હવે શ્રી માધવ આશિષ સંભાળે છે. ચૂસ્ત વૈષ્ણવ વિધિ વિધાનોનું ત્યાં બરાબર પાલન થાય છે. નક્કી કરેલા સમયે દર્શન થાય છે, દિવસમાં ત્રણ વાર ઘંટ, નગારાંના ઘોષ સાથે આરતી થાય છે. બપોરે ભગવાનને ભોગ ધરાવાય છે, ત્યારે શંખ વગાડાય

છે. પહેલાં પૂજાવિધિ કરવા માટે પૂજારી રાખેલો હતો, પણ પછી કૃષ્ણપ્રેમે જ એ બધું પોતાને માથે લઇ લીધું હતું. ભગવાનને ધરવાનો ભોગ વિધિપૂર્વક સ્વચ્છતા સાચવીને બનાવવો પડતો. એ માટે એક બ્રાહ્મણને રાખ્યો હતો, પણ એક દિવસ એ ભાગી ગયો, એટલે કૃષ્ણપ્રેમ રસોયા બની ગયા. એમણે બનાવેલો પ્રસાદ ચાખીને ભક્તો બધા એવા ખુશ થઇ ગયા કે તે પછી ધંધાદારી આશ્રમના કેટલાક મિત્રો આલમોડામાં રહેતાં, તેમાં ઇમરસનની પૌત્રી અને એના બંગાળી પતિ બોશી સેન હતા. આલમોડા આવતા જતા યુરોપિયનોમાંથી કડક પરીક્ષા બાદ એમને જો કોઇ યોગ્ય લાગે તો તેઓ એને આશ્રમની મુલાકાતે મોકલતા. આવા કોઇ યુરોપિયનો આશ્રમમાં આવી ચડે તો તેમની પરોણાગત કરવી એ આશ્રમની બાહ્ય દિનચર્યા હતી. તિબેટની અને હિમાલયની જાત્રાએ જતા સાધુઓને અહીં હંમેશાં આશ્રય મળતો. તેઓ ત્રણ દિવસ આશ્રમના અતિથિ તરીકે રહી શકે એવો નિયમ હતો.

વખત જતાં શ્રી બોશી સેનનું ઘર આલમોડા અને મીરટોલાની વચ્ચેનું સ્વાભાવિક ઉતરવા રહેવાનું સ્થળ બની ગયું. શ્રી યશોદામાઇ બે વાર ડોળીમાં આવ્યાં. શ્રીકૃષ્ણપ્રેમ અને આશિષ એમની છ ફૂટ બે ઇંચની ઊંચાઇને શોભે એવાં લાંબાં પગલાં ભરતા, હાથમાં લાકડી લઇને ઉઘાડા પગે ચાલતા ઘણીવાર આવતા. હરિદાસ એવા પાતળા અને કમ વજનના હતા કે એમના પગ ધરતીને અડકતા જ નથી એવું લાગે.

બોશી સેન અને તેમનાં પત્ની ગર્ટુડ ધર્મચુસ્ત તો હતાં નહિ, પણ તેઓની ત્રુટિઓને માફ કરી તેઓ જેવાં હતાં તેવાં તેમને સ્વીકારી લેતાં. ગર્ટુડ અને શ્રી સેન એમની ચુસ્ત વૈષ્ણવી આવશ્યકતાઓને અનુકૂળ થવા પૂરેપૂરો પ્રયત્ન કરતાં. તેઓનાં



રસોઇનાં વાસણોમાં નિષેદ્ધ ખોરાક પણ રંધાયો હોય, તેથી તેઓ બજારમાં જઇ એમને માટે નવાં જ વાસણો લઇ આવતાં. એ દિવસોમાં આ સંન્યાસીઓ શ્રી સેન અને ગર્ટુડ સાથે બેસી જમતાં નહિ, તેથી વરંડાની ભોંય ધોઇ ચોખ્ખી કરીને ત્યાં તેમના માટે બધી ગોઠવણ કરવામાં આવતી. નવાં વાસણો, સઘડી, પાણીનો ઘડો, સીધું સામાન અને મસાલો, તાજાં શાકભાજી, પિત્તળની થાળીઓ વગેરે. કોઇવાર શ્રી યશોદામાઇ પોતે રાંધતાં, અને તેમની સાથે આવેલા કોઇ આશ્રમવાસી એમની મદદમાં રહેતા. હવે શ્રીકૃષ્ણપ્રેમને શ્રી સેન તથા ગર્ટુડ ગોપાલ કહેતાં થઇ ગયાં હતાં.

મીરટોલાના શાંત વાતાવરણને ડોળવાની છાપાંને કે રેડિયોને રજા નહોતી, તેથી શ્રીકૃષ્ણપ્રેમને કોઇવાર ન છૂટકે પહાડના એ આશ્રયસ્થાનમાંથી નીચે ઊતરી આવવું પડતું. ત્યારે તેઓ જાણે કોઇ બીજા ગૃહમાંથી ઊતરી આવ્યા હોય એવું લાગતું. દુનિયાના કોઇ પણ પ્રશ્નમાં સંડાવવાનો તેઓ ઇન્કાર કરતા, કારણ કે દુનિયાની સાથેનો બધો જ સંબંધ તેમણે સમજીબુઝીને કાપી નાખ્યો હતો. તેમનું લક્ષ્ય તો એક જ હતું. બ્રહ્મ! ધ્યાનથી ધારદાર બનાવેલા આત્મારૂપી બાણ વડે એ લક્ષ્યને વીંધી એમને લક્ષ્યમય થઇ જવું હતું.

ગર્ટુડ ઇમરસન કહે છે "દિલ્હીથી નવ વાગે આવતા સમાચાર સાંભળવા અમે રેડિયો ચાલુ કરીએ, ત્યારે તેઓ ઊભા થઇને અભરાઇએથી અંગ્રેજી કવિતાની કોઇ ચોપડી ખેંચી લે, સોફાને અઢેલીને પલાંઠી વાળી બેસી જાય અને તરત જ એના વાચનમાં ડૂબી જાય. સાચેસાચ કુતૂહલથી એક રાતે તો મેં પૂછી નાંખ્યું 'રેડિયો સાંભળો છો ખરા?' પેલા દૂરના ગ્રહમાંથી બોલતા હોય તેમ તેમણે જવાબ દીધો. 'હા, પડદા પાછળથી ન સમજાય

એવો કંઇ અવાજ આવે છે!' (આ ઉપરથી સમજી શકાય છે કે તેમને જગતમાં શું ચાલી રહ્યું છે તે જાણવામાં કશો જ રસ નહોતો)

ગોપાલ (યશોદામા શ્રીકૃષ્ણપ્રેમને) ગોપાલ કહેતાં અને આશિષ અમારે ત્યાં આપતાં. સાંજના ધ્યાનનો વખત થવા આવ્યો હતો. ગોપાલ અને આશિષ એ માટે પોતાના કમરામાં ચાલી જતા, અને અમે અમારા ધ્યાનના કમરામાં જતા. દરેક જણ પોતાને અનુકૂળ આવે તેમ પ્રાર્થના, ધ્યાન કે પૂજા કરતું. કોઇ વાર તેઓ અમારી સાથે પણ જોડાતા, ગોપાલ હૃદયને હલાવી દે એવાંસુંદર ભજનો ગાતા. એ સાંભળી અમારી આંખોમાં અચૂક આંસુ આવી જતાં. આશિષ મૃદંગ વગાડી એમને સાથ આપતા."

આશ્રમનું જીવન અતિ કઠોર હતું. ભોંય પર સૂઇ રહેવું, નાસ્તામાં ગોળનો ગાંગડો અને ઠંડુ પાણી, દિવસે માત્ર એક વાર પ્રસાદ લેવાનો. આશ્રમમાં ચાનો ખર્ચ પોશાય તેમ નહોતો. આશ્રમમાં જો ચા આપવી હોય તો આશ્રમના એક એક કર્મ-ચારીને, એટલે કે આશ્રમના ગાયો સાચવનારા અને આશ્રમનાં ખેતર ખેડનારા તમામને ચા મળવી જોઇએ અને બધાને ચા આપવા જવામાં ખર્ચ ઘણું વધી જાય. માટે સૌની ચા બંધ! આમ આશ્રમ ખૂબ જ કરકસરથી ચાલતો હતો.

યશોદામા જ્યાં જતાં ત્યાં કૃષ્ણપ્રેમ પડછાયાની પેઠે એની પાછળ જતા, એટલું જ નહિ, ચોવીસે કલાક તેમનો બોલ ઉપાડી લેવા તેઓ તૈયાર રહેતા. રાતે પણ ચાકરની પેઠે, જમીન ઉપર એક સાદડી નાંખીને તેઓ પડી રહેતા. (આવી હતી શ્રીકૃષ્ણપ્રેમની ગુરુ–સેવા)

('ઉત્તર વૃંદાવનના મહાયોગી શ્રીકૃષ્ણપ્રેમ'નાં સૌજન્યથી)



### પ. પૂ. યોગેશ્વરજીની જન્મભૂમિ

# તીર્થધામ સરોડા

મૂળ લેખક : શ્રી તારાબેન તથા શ્રી અંબાલાલભાઇ શુક્લ
સંકલન : નારાયણભાઇ હ. જાની

સંતો અને શાસ્રો કહે છે કે કોઇ આખા ગામની પુણ્યાઇ જ્યારે વધી જાય, ત્યારે એ ગામમાં કોઇ સંત, ભક્ત, જ્ઞાની કે યોગીનો જન્મ થાય છે. એ જ રીતે કોઇ પરિવારનાં પુણ્યોનો સરવાળો મોટો થઇ જાય, ત્યારે એ પરિવારમાં કોઇ જ્ઞાની કે યોગી જન્મ લે છે. એટલે જ ભગવદ્‌ગીતામાં કહેવાયું છે કે 'શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોऽપિ જાયતે' આથી શ્રીમંત કરતાં પવિત્ર ઘરોમાં જન્મવાનું જ્ઞાની કે યોગી લોકો વધુ પસંદ કરતા હોય છે. આવો જન્મ સંસારમાં દુર્લભ છે.

પ. પૂ. શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ ઈશ્વરદર્શી સંતનો જન્મ અમદાવાદ પાસે સાબરમતી નદીના કાંઠે આવેલા સરોડા ગામમાં આવેલ બ્રાહ્મણ પરિવારમાં થયો. આ ગામ માત્ર એક કલાકની બસ મુસાફરીના અંતરે અમદાવાદથી આવેલું છે. ત્યાં જવા માટે સેંટ્રલ બસ સ્ટેન્ડથી હવે ઘણી બસો મળે છે. પહેલાં આવી સુવિધા ન હતી.

સરોડાનો આ નિવાસ ગામડાનાં અનેક ઘરો જેવો તદ્દન સાદો હતો. તેમાં માત્ર બેજ ખંડ હતા.

આગલો ખંડ બેઠક માટે વપરાતો. તેના એક ભાગમાં પૂ. માતાજી કદીક રસોઇ પણ કરતાં. પાછળથી બહારની ઓસરીમાં

રસોડા માટે ઢાળિયું બનાવવામાં આવેલું. તે પહેલાં આ ખંડમાં જ સહુ જમતાં.

પૂ. શ્રીના સરોડાના આ ઘરમાં કોઈ આધુનિક સગવડ ન હતી. પાયખાનું પણ ન હતું. શૌચ જવા માટે બહાર ખુલ્લાં ખેતરો કે નદી પાસેની ખુલ્લી જગામાં જવું પડતું. શહેરી વાતાવરણથી ટેવાયેલા કોઈક ભાઈબહેનો જ્યારે આવતાં ત્યારે તેઓને થોડીક તકલીફ પણ સહી લેવી પડતી.

તેઓના નિવાસને તદ્દન અડીને જ એક બીજું નાનું એક પડાળિયું ઘર છે. પૂ. શ્રી તેનો ઉપયોગ પોતાના કસરત, ધ્યાન સાધના કે લેખન માટે કરતા. સાંજની પ્રાર્થના મોટાભાગે આ ઘરમાં કરતા. ગરમીના દિવસોમાં ઘરના સામેના ભાગમાં આવેલ એક ઝાડના છાયામાં ખાટલો ઢાળી તે ઉપર બેસી કદીક ધ્યાન કે લેખન પણ કરતા.

ગમે ત્યાં હોય—સરોડા કે સાબરમતી, પરંતુ પૂ. શ્રીની સાધના એકધારી ચાલ્યા કરતી. બપોરે કદીક ભાગવત કે રામાયણનું વાંચન થતું તો રાત્રે સત્સંગની બેઠકો થતી. જેમાં ગામનાં કેટલાંક ભાવિક ભાઈબહેનો આવતાં અને પૂ. શ્રીનો ઉપદેશ સાંભળતાં. આ નાના ઘરમાં સાંજની પ્રાર્થના પછી પૂ. શ્રીને એકવાર સાઈ-બાબાની મૂર્તિ ઉપર જે અદ્‌ભુત દિવ્ય પ્રકાશનું દર્શન થયેલું. તે તેઓએ પૂ. માતાજી તેમ જ ઘરમાં હાજર એવાં અમો સહુને પણ કરાવેલું. આજે પણ પ્રકાશનો ચમત્કાર સર્જાયેલ શ્રી સાઈબાબાની મૂર્તિ સત્યપથમાં સારી રીતે સાચવીને રાખવામાં આવેલ છે.

એકવાર પૂ. શ્રીના મકાન આગળના કમ્પાઉન્ડમાં તેઓની ગેરહાજરી દરમ્યાન થોરની વાડ ઊભી કરી દેવામાં આવેલી. તે



પછી પૂ. શ્રી જ્યારે સરોડા આવ્યા ત્યારે તેમની સાથે સશક્ત અખાડીઅન શ્રી ગિરધરભાઈ પણ હતા. તેઓને પૂ. માતાજીએ બધી વાત સમજાવતાં રાતોરાત આખી વાડ ઉખેડી નાંખી, જગા ખુલ્લી કરી નાંખી. પરંતુ તેઓની ગેરહાજરીનો લાભ લઈ, વિરોધીઓ વારંવાર આવી હરકતો કરતા, છતાં તેમાં ફાવતા નહિ. છેવટે તેઓએ પૂ. શ્રી ઉપર કોર્ટમાં કેસ કરેલ.

સામેવાળા વગદાર માણસ હતા. એટલે તેમની સામે જુબાની કે પુરાવા આપવા ગામડામાં કોઈ તૈયાર ના થાય એ સ્વાભાવિક હતું. એથી એમની સામે લડવાનું ઘણા માણસો છોડી દઈ નમતું મૂકી દેતા. પરંતુ પૂ. શ્રી સિદ્ધાંતવાદી અને સત્યના આગ્રહી હતા. "કોઈક અન્યાયથી આપણી વસ્તુ પડાવી લે, અને આપણે તેનો પ્રતિકાર પણ ના કરીએ, તો કાયર માણસ લેખાઈએ. પૂ. શ્રીને કોઈપણ સંજોગોમાં આ વાત મંજુર ન હતી. આથી પૂ. શ્રીએ પ્રતિકાર કર્યો."

જુદી જુદી કોર્ટોમાં દસેક વર્ષ આ કેસ ચાલતો રહ્યો. પંરતુ અણધારેલા પૂરાવા અને સહાય અમોને મળતી રહી. તેથી આખરે જજમેન્ટ પૂ. શ્રીના પક્ષમાં આવ્યું. આ દિવસો દરમ્યાન અમારી ભારે કસોટી થઈ, કારણ પૂ. શ્રીએ પોતાનું મુખ્ત્યાર પત્ર અમોને આપેલું. જ્યારે બધા જ ચુકાદાઓ વિરોધમાં આવ્યા, ત્યારે સામા-વાળા થાકી ગયા. અને પૂ. શ્રીના અસલ સ્વરૂપને ઓળખી શક્યા. આશ્ચર્ય પમાડે તેવી વાત તો એ હતી કે ઘણી બધી પજવણીઓ કરવા છતાં, પૂ. શ્રીના મનમાં તેઓ માટે લેશ પણ કટુતા કે દ્વેષ ન હતાં.

૫. પૂ. યોગેશ્વરજીના દાદીમાનો સ્વર્ગવાસ થયો, ત્યારે

રાજ્યમાં રેશનીંગનો કાયદો અમલમાં હતો. તે મુજબ ૫૦ માણસથી વધુ માણસો જમાડવા એ ગુન્હો બનતો. તે વખતે પૂ. શ્રી પણ સરોડામાં હતા. તેઓ જાણતા હતા કે તેઓ તરફથી જો કોઈપણ પ્રકારના કાયદાનો ભંગ થશે તો વિરોધીઓ તેનો લાભ જરૂરથી ઉઠાવશે જ. અને બન્યું પણ એમ જ. રેશનીંગ ખાતાના માણસો અરજીના આધારે તપાસ કરવા આવ્યા, પરંતુ પૂ. શ્રીને મળતાં તેમને સાચી પરિસ્થિતિ સમજાઇ ગઇ. કોઇક વિરોધીએ કરેલું આ દ્વેષીલું કૃત્ય છે તેની પ્રતીતિ થતાં, તેઓ ઉલ્ટા ભોંઠા પડી પૂ. શ્રીને વંદન કરી જતા રહ્યા. આમ પૂ. શ્રીમાં ઘણી અગમચેતી અને વ્યવહાર–દક્ષતા હતી. ત્યાગી અને સિદ્ધ બન્યા છતાં તેઓ હંમેશાં અનાસક્તપણે એક આદર્શ માનવ તરીકે પોતાની ફરજો બજાવતા રહ્યા. કોક વીરલા જ એવું જીવન જીવી શકે.

સરોડા ગામમાં એવા કેટલાક પરિવારો હતા જે શરૂથી જ પૂ. શ્રીમાં શ્રદ્ધાભક્તિ ધરાવતા. તેઓ જ્યારે ગામમાં હોય ત્યારે તેમની સેવા કરતા અને દ્વેષીઓની કટુવાણી સહન કરીને પણ સત્સંગનો લાભ લેતા.

હવે તો સરોડા ગામનાં સહુ નરનારી પૂ. યોગેશ્વરજીમાં શ્રદ્ધાભક્તિ ધરાવે છે. શાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે ગામ લોકોએ ખૂબ ઉત્સાહપૂર્વક પૂ. મા સર્વેશ્વરી અને પૂ. મહાત્માજીનું સન્માન કરેલું. આજે તો ગામ લોકોની ભાવના એવી ખરી કે ભગવાન કૃષ્ણની જેમ પૂ. યોગેશ્વરજીનો જન્મદિન–(પંદર ઓગસ્ટે)–તેઓ-માં શ્રદ્ધાભક્તિ ધરાવતાં સાધક ભાઇબહેનો સરોડામાં પધારી ઉજવે અને તેને સાચા અર્થમાં તીર્થ બનાવે. □



## * પ્રાર્થના *

કમલ–નયન, ઘન–શ્યામ, પરાત્પર!
કરુણા–સાગર! વિશ્વાધાર!
અશરણ–શરણ! તળિયે તરી તૂટી
ભવ–ખેવૈયા! કર ઉસ પાર
કમલ–નયન, ઘન–શ્યામ, પરાત્પર!

મારા અવગુણની ના અવધિ!
નિરવધિ કરુણાનિધિ! તું, તાર;
ચરણ–શરણ હું અવર ન પામું
પાપ–પીડિતનો કર ઉદ્ધાર
કમલ–નયન, ઘન–શ્યામ, પરાત્પર!

કરમ ધરમનો મરમ ન સમજું
અબૂધ, વિહ્‌વળ, વિકળ બાળ!
કર્દમ–કળણે ખૂંપેલાનો
કરુણાકર! ગ્રહી કર ઉદ્ધાર
કમલ–નયન, ઘન–શ્યામ, પરાત્પર!
કરુણા–સાગર! વિશ્વાધાર!

— ડૉ. રણજિત પટેલ (અનામી)

### સ્વામી વિવેકાનંદજીના જીવનના

# પ્રેરક પ્રસંગો

સંકલન : રામકૃષ્ણ પ્રેમી

શ્રી રામકૃષ્ણદેવની મહાસમાધિ પછી તેમના જે મુખ્ય શિષ્યો હતા તેમાંના ઘણાખરાએ રામકૃષ્ણદેવનો સંદેશો વિશ્વમાં પહોંચાડવા માટે સંન્યસ્ત ધારણ કર્યો. તેઓ સૌનો માર્ગદર્શક નરેન્દ્ર હતો. તેણે સંન્યસ્ત ધારણ કરી 'વિવેકાનંદ' નામ ધારણ કર્યું. સંન્યાસ ધારણ કરેલ રામકૃષ્ણદેવના સૌ શિષ્યો પોતાનાં ગુરુનું કાર્ય કરવા માટે જુદી જુદી દિશામાં પરિભ્રમણ કરવા લાગ્યા. પ્રવાસ દરમ્યાન ગુરુભાઈઓને પોતાની ભાળ ન લાગે એટલા સારું અવારનવાર તે પોતાનું નામ બદલીને પ્રવાસ કરતા, આથી આ પરિવ્રાજક સમય દરમ્યાન તેમનાં 'વિવિદિશાનંદ' 'સચ્ચિદાનંદ' વગેરે નામોનો ઉલ્લેખ મળે છે.

પ્રવાસ દરમ્યાન કાશીમાં બનેલો એક પ્રસંગ ઘણો જ બોધપ્રદ છે. એક વખત વાંદરાઓનું ટોળું એમની પાછળ પડયું. સ્વામીજીએ પણ દોડ મૂકી. એ વખતે એક વૃદ્ધ સંન્યાસીએ કહ્યું "ભાગો નહીં. પશુઓનો હમેશાં સામનો કરો." આ પ્રસંગનો પડઘો વર્ષો પછી એમણે ન્યૂયોર્કમાં કરેલા એક પ્રવચનમાં પડયો. આ હકીકતને ઉદ્દેશીને જ એમણે કહેલું "મુશ્કેલીઓ સામે થાઓ! અજ્ઞાનનો સામનો કરો! માયાની સામે થાઓ! કદી એનાથી ભાગો નહીં." કાશીમાં તેમણે ત્રૈલંગ સ્વામી અને ભાસ્કરાનંદ સ્વામીની પણ મુલાકાત લીધી હતી.

* * *



પરિભ્રમણ કરતાં કરતાં સ્વામી વિવેકાનંદ આગ્રાથી છેલ્લા ત્રીસ માઈલ પગે ચાલીને વૃંદાવન આવ્યા. સને ૧૮૮૮ ના ઓગષ્ટની શરૂઆત હતી. એમની પાસે ફક્ત એક–બે પુસ્તકો, દંડ, અને કમંડલુ હતાં. રસ્તાનો થાક દેખાઈ આવતો હતો. તેવામાં વૃંદાવનની નજીક એક માણસને એમણે લહેરથી ચલમ પીતો જોયો. સ્વામીજીને પણ એક બે દમ ખેંચવાની ઈચ્છા થઈ આવી, પણ ચલમવાળો તો ભંગી હતો. સ્વામીજીના નાતજાતના પૂર્વસંસ્કાર સળવળી ઊઠયા, અને એ આગળ ચાલવા લાગ્યા થોડીવાર ચાલ્યા પછી એકદમ એમને વિચાર આવ્યો. "અરે! મેં તો સંન્યાસીનું વ્રત લીધું છે અને નાતજાત ને કુલાભિમાનના વિચારો તો ક્યારનાયે ત્યાગી દીધા છે, અને છતાંયે જ્યારે પેલા માણસે કહ્યું કે 'હું ભંગી છું.' ત્યારે મને નાતજાતના વિચારો આવ્યા! એની ચલમ હું પી ન શક્યો! આ બધાંનું કારણ જન્મથી પડેલા સંસ્કારો જ છે." એ એકદમ પાછા ફર્યા. પેલો માણસ હજી ત્યાં જ હતો. સ્વામીજીએ તેની પાસેથી ચલમ માગી. પેલા માણસે જરા આનાકાની કરી પણ સ્વામીજીએ તેને હસી કાઢયો. તેની ચલમ લઈને પીધી અને પછી જ પોતાનો પ્રવાસ આગળ ચલાવ્યો. આ પ્રસંગે એમને શીખવ્યું કે સંન્યાસ એ ખરેખર એક વિષમ અસિધારાવ્રત છે. આ વિશે એક શિષ્યને એમણે કહેલું "એ બનાવે મને એવો મહાન બોધ આપ્યો કે મારે કોઈનો પણ તિરસ્કાર ન કરતાં સૌનો પ્રભુનાં બાળકો તરીકે જ વિચાર કરવો જોઈએ."

* * *

વૃંદાવનના પ્રવાસ દરમ્યાન સ્વામી વિવેકાનંદ ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા કરી રહ્યા હતા, ત્યારે તેમણે નિશ્ચય કર્યો કે

કોઈની પાસે ભિક્ષા માગવી નહીં, સહેજે મળી જાય તો જ ભોજન કરવું. આ નિશ્ચયની કસોટી પણ તરત જ થઈ. બપોર થયા, ભૂખ લાગી. અધૂરામાં પૂરું વરસાદ પડવા લાગ્યો. સ્વામીજી કશાની પરવા કર્યા વિના આગળ ને આગળ ચાલતા રહ્યા. એકાએક કોઈ વ્યક્તિનો સાદ સંભળાયો. પેલી વ્યક્તિ તો ભોજન કરાવવા માટે તેમને વધુ ને વધુ સાદ કરવા લાગી. સ્વામીજી દોડયા, પેલી વ્યક્તિ પણ દોડી. એકાદ માઈલ દોડયા પછી પેલી વ્યક્તિએ સ્વામીજીને પકડી પાડયા. એણે સ્વામીજીને ભોજન કરાવ્યે જ છૂટકો કર્યો. પછી એક પણ શબ્દ બોલ્યા વગર એ વ્યક્તિ પાછી ચાલી ગઈ. ભક્તની સંભાળ પ્રભુ પોતે જ લે છે, એ વિચારે સ્વામીજી ગળગળા થઈ ગયા.

બીજો પ્રસંગ પણ એવો જ રોમાંચક છે. રાધાકુંડમાં સ્નાન કરવા માટે સ્વામીજીએ પોતાનું કૌપીન ધોયું અને એક બાજુએ સૂકવ્યું. એમની પાસે આ એક કૌપીન સિવાય બીજું કંઈ વસ્ત્ર જ ન હતું. સ્નાન કરીને એ બહાર આવ્યા ત્યારે કૌપીન ન મળે! એક વાંદરો સ્વામીજીના એકના એક કૌપીનને ઉઠાવી ગયો હતો. ઝાડ ઉપર હાથમાં કૌપીન રાખીને એ બેઠેલો હતો. સ્વામીજીને ગુસ્સો ચડયો. પેલા વાંદરા ઉપર નહીં, પણ રાધાજી ઉપર! "તમારી ભૂમિમાં મારી આવી સ્થિતિ? જંગલમાં જઈને ભૂખમરો વેઠીને શરીર ત્યાગ કરીશ." ત્યાં તો સામેથી એક માણસ નવું ભગવું વસ્ત્ર અને થોડું ભોજન લઈને આવી રહ્યો હતો. સ્વામીજીને નવાઈ લાગી. એ બંને વસ્તુ એમણે સ્વીકારી લીધી. પછી એ કુંડ તરફ પાછા ફર્યા તો પેલું કૌપીન પણ ત્યાં જ પડેલું હતું.

* * *



સ્વામીજીને હિમાલયમાં પ્રવાસ કરવાની ઝંખના પણ છોડતી ન હતી. આખરે સને ૧૮૮૯ ના ડિસેમ્બરમાં એમણે ઉત્તર ભારતનાં તીર્થો અને હિમાલય દર્શનનો પંથ લીધો. માર્ગમાં ગાઝ-પુર ખાતે ગંગાતટે એક ગુફામાં રહેતા પવહારી બાબાનાં દર્શન પણ તેમણે કરેલ. અને ભક્તિ તથા યોગની સાધનામાંથી ઉદ્‌ભવેલી તેમની અદ્‌ભુત શક્તિનાં દર્શન કરી સ્વામીજીને યોગ શીખવાની તાલાવેલી લાગેલી. પરંતુ આવો વિચાર આવતાં જ તેમને ગુરુદેવ શ્રી રામકૃષ્ણનાં દર્શન થતાં. શ્રી રામકૃષ્ણની એવી ઈચ્છા ન હતી, અને અંતે સ્વામીજીએ હઠયોગ શીખવાનો વિચાર પણ છોડી દીધો.

## * નાથવચનામૃત *

મનુષ્યમાં ડહાપણ જેટલું ઓછું તેટલો તેમાં ગર્વ વધારે હોય છે. નમ્રતાના યોગથી મનુષ્યમાં જેટલું ડહાપણ હોય તેના કરતાં તેમાં વધારે ડહાપણ પ્રતીત થાય છે. નમ્રતાના યોગથી માણસનું અજ્ઞાન અન્ય લોકોને દેખાતું નથી એટલુંજ નહિ, પણ ઉલટું નમ્ર મનુષ્ય જ્ઞાનવાન્ છે એમ પ્રતીત થાય છે. વળી અવિદ્યાનો પાર પામ્યા વિના ડહાપણની પરાકાષ્ઠાએ પહોંચાતું નથી, માટે પણ સમજુએ વિનય ને નમ્રતા રાખવાં ઉચિત છે.

ધ્યેયમાં ચિત્તને પરમપ્રીતિવાળું કરવાથી તે અનાયાસે ધ્યેયાકાર રહેવા લાગે છે. ચિત્તને ધ્યેયમાં પરમપ્રીતિવાળું કરવું એટલે ન્યૂનમાં ન્યૂન સ્વ-શરીરમાં જેટલી પ્રીતિ છે તેટલી પ્રીતિ ધ્યેયસ્વરૂપમાં વિવેકવિચારથી ઉપજાવી અનુભવવી.

નાથ ભગવાન્.

# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

પરંતુ લક્ષ્મણે પૂછ્યું : 'વાલી સાથે વેર થવાનું કોઇ કારણ તો હશેને? ભાઇની સાથે આટલું બધું વેર થયું તેની પાછળ કોઇ ઘટનાચક્રે ભાગ તો ભજવ્યો હશે ને?'

'એ ઘટનાચક્ર ઘણું સાધારણ છે છતાં પણ વાલીની ગેરસમજ અને સ્વાર્થવૃત્તિને લીધે એકદમ અસાધારણ બની ગયું છે. વાલીને સમજાવવાના મારા બધા જ પ્રયાસો નિષ્ફળ નિવડયા છે. એની વૃત્તિ લાગ જોઇને કાયમ માટે મારું કાસળ કાઢવાની છે. તમારા જેવા નિઃસ્વાર્થ, ઉદાર અને પ્રેમાળ વડીલ બંધુ તો જગતમાં કોઇકના જ હોય. લક્ષ્મણ જેવા રાજ્યસુખ તથા યૌવનોચિત સ્રીસુખને તિલાંજલિ આપીને ભાઇની સેવામાં લીન રહેનાર ભાઇ પણ ભાગ્યે જ મળી શકે. તમે ભ્રાતૃપ્રેમને મહત્ત્વનો માનીને બહારનાં સુખોને ગૌણ ગણ્યાં છે, ત્યારે વાલીએ બીજું બધું મહત્ત્વનું માનીને ભ્રાતૃપ્રેમની ઉપેક્ષા કરી છે. તમારા ભ્રાતૃભાવની સાથે અમારા ભ્રાતૃભાવને સરખાવતાં મારું હૃદય રડી ઊઠે છે ને ભયંકર વેદનાનો અનુભવ કરે છે. આ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવાનું મને નથી સૂઝ્યું.'

રામે કહ્યું : 'તમારી વેદના મારી જ વેદના છે એવું માની લેજો. આપણી વચ્ચે મિત્રતા થઇ છે એટલે ચિંતા દૂર કરવા માટે મારી સઘળી શક્તિને કામે લગાડીશ. વાલીના મનમાં પેદા થયેલી ગેરસમજનો મને થોડોક ખ્યાલ આપી શકશો?'

'એ ગેરસમજ હવે કોઇપણ ઉપાયે દૂર નથી થાય તેમ. છતાં પણ જે કારણને લીધે એ ગેરસમજ પેદા થઇ ને વેરવૃત્તિને જગાવી ગઇ તે કારણ તમને જરૂર કહી બતાવું. એ કારણ ઘણું નાનું હોવા છતાં જાણવા જેવું છે.'



સુગ્રીવ થોડીવાર શાંત રહ્યો ને પછી રામ તથા લક્ષ્મણની સંમતિ મેળવીને બોલ્યો : 'મારી તથા વાલીની વચ્ચેનો સ્નેહ પહેલાં તો ઘણો ઊંડો હતો. અમે સદા સાથે જ ફરતા અને એકમેકના વિના રહી ન શકતા. અમારાં રૂપરંગ પણ એક જ જાતનાં હોવાથી જે જોતા તે અમને એક જ આત્માનાં બે સ્વરૂપ જેવાં માની લેતા. વરસો સુધી અમારો પ્રેમ એવો જ અચળ રહ્યો. પરંતુ એક વાર એક બનાવ બન્યો.'

સુગ્રીવે શ્વાસ ખાઇને કહ્યું : "હા. એ બનાવને હું હજુ પણ નથી ભૂલી શક્યો. એ મારી આંખ આગળ તરવરે છે. મય દાનવનો પુત્ર માયાવી ઘણો પરાક્રમી હતો. એણે એકવાર મધરાતે અમારા નગરના દરવાજા પર આવીને વાલીને યુદ્ધ માટે લલકાર કર્યો. વાલીએ એના લલકારને વધાવી લઇને એની સાથે યુદ્ધ કરવાની તૈયારી કરી.'

'વાલીને યુદ્ધ માટે તૈયાર થયેલો જોઇને માયાવી નાસવા લાગ્યો.'

'વાલી એને પકડવા માટે એની પાછળ પડયો.'

'મને થયું કે આવી કટોકટીને વખતે મારે બેસી રહેવું ન જોઇએ. એટલે હું પણ વાલીની પાછળ દોડયો.'

'વાલીને બચાવતાં મારા દેહનું બલિદાન દેવું પડે તો તે પણ દેવાની તૈયારી હતી.'

'માયાવી વાલીના હાથમાં આવત તો વાલી એને જરૂર મારી નાખત; એને મારવામાં હું પણ મદદ કરત; પરંતુ માયાવી નાસીને પર્વતની એક ઊંડી ગુફામાં ભરાઇ ગયો.'

'પરંતુ વાલી એનો પીછો છોડે તેમ ન હતો.'

'એણે મને ગુફાના દ્વાર આગળ રહીને પંદર દિવસ પ્રતિક્ષા કરવાનું કહ્યું. મેં એને અંદર આવવા દેવા માટે કહી જોયું, પરંતુ એણે ન માન્યું.'

'એણે કહ્યું કે તું ગુફાની પાસે ઊભો રહીશ તે પૂરતું છે. માયાવીને હું એકલો મારી શકીશ. મારે બીજા કોઇની સહાયતા નથી જોઇતી. એ મારો વાળ પણ વાંકો નથી કરી શકવાનો. પંદર દિવસ સુધી અહિં ઊભો રહેજે

અને એટલા વખતમાં હું બહાર ન આવું તો મને મરેલો માનીને ઘેર જજે.' "

'પછી? પછી શું થયું?' લક્ષ્મણે ઉત્સુકતા બતાવી.'

'તમે ગુફાની બહાર ઊભા રહ્યા કે અંદર ગયા?' રામે પૂછ્યું.

સુગ્રીવ બોલ્યો : 'હું ગુફાની બહાર ઊભો રહ્યો ને વાલી માયાવીને મારવા માટે અંદર ગયો. તે વખતે વાલીની સાથે જ ગયો હોત તો મારે આવી કરુણ પરિસ્થિતિમાં ન મૂકાવું પડયું હોત. મારા સંજોગો કદાચ જુદા જ હોત. પરંતુ એ વખતે વાલીના આદેશને ઉથાપવાની શક્તિ મારી અંદર ન હતી અને એને માટેની ઇચ્છા યે ન હતી. એટલે એના આદેશાનુસાર મેં એ ગુફામાં પ્રવેશ ન કર્યો. અને...જે થયું એ એક રીતે સારું જ થયું, કારણ કે વાલીના ત્રાસને લીધે મારે અહિં ઋષ્યમૂક પર્વત પર રહેવું પડયું એથી એક મોટો લાભ એ થયો કે સંસારની અસારતાને હું સમજી શક્યો અને તમારા દેવદુર્લભ દર્શનનું ભાગ્ય મેળવી શક્યો. તમારા જેવા દૈવી મહાપુરુષોના દર્શનનો લાભ કોઇક ભાગ્યશાળીને જ મળી શકે. એટલે હું તો મને ભાગ્યશાળી જ માનું છું. કિષ્કિંધામાં રાજ્યસુખની વચ્ચે રહ્યો હોત તો આ દુર્લભ લાભ મને ન જ મળી શકત. તમારો પ્રેમ મળવામાં મારું કોઇ સત્કર્મ કે મારી યોગ્યતા કારણરૂપ નથી પરંતુ તમારી કૃપા જ કારણરૂપ બની ગઇ છે.'

એટલું કહેતાં તો સુગ્રીવનું હૃદય ભરાઇ આવ્યું.

આંસુને લૂછીને એણે આગળ ચલાવ્યું : 'ગુફાના દ્વાર પાસે એક પખવાડિયા સુધી પ્રતીક્ષા કરવાને બદલે મેં એક માસ સુધી પ્રતીક્ષા કરી તો પણ વાલી ગુફામાંથી બહાર ન આવ્યો ત્યારે મને થયું કે કદાચ માયાવી સાથેના ભીષણ યુદ્ધમાં એનું મૃત્યુ તો નહિ થયું હોય? એ શંકાનું સમર્થન કરતો એક બનાવ બન્યો. ગુફામાંથી એકાએક લોહીની ગરમ ધારા નીકળી. મને થયું કે એ ધારા વાલીની હશે એટલા માટે જ વાલી બહાર નહિ આવ્યો હોય, અને હવે માયાવી ગુફામાંથી બહાર આવીને કિષ્કિંધામાં આતંક ફેલાવશે. વાલી નહિ મર્યો હોય તો તો હરકત નથી; એ બહાર આવી



જશે. એ પ્રમાણે વિચાર કરીને ગુફાના દ્વાર પર મેં એક વિશાળકાય શિલાને મૂકી દીધી અને હું નગરમાં આવી પહોંચ્યો.'

લક્ષ્મણે કહ્યું : 'વાલીના જીવનની આ કથા ભારે રસમય અને રોમાંચક છે. આ કથા કોઇપણ શ્રોતાના હૃદયમાં કુતૂહલ પેદા કરે તેવી છે. એ એવા વિચિત્ર તબક્કે આવીને ઊભી રહી છે કે એના વિશે વધારે જાણ્યા વિના ચાલે જ નહિ.'

રામે પણ રસપૂર્વક વચ્ચે જ પૂછ્યું : 'પછી વાલીનું શું થયું? એ કેવી રીતે બહાર નીકળ્યો?'

સુગ્રીવે આગળની વાતના અનુસંધાનમાં કહ્યું : 'બહાર નીકળવાનું કામ એના જેવા મહાપરાક્રમીને માટે જરા પણ મુશ્કેલ ન હતું. ખરી રીતે તો એ જીવંત હતો અને એણે માયાવીનો નાશ કરેલો. માયાવીનો લાંબા વખતના ભીષણ યુદ્ધ પછી સંહાર કરીને એ ગુફાના દ્વાર આગળની શિલાને હઠાવીને વિજયની ઉન્માદસૂચક ગર્જના કરતો બહાર આવ્યો. પરંતુ...'

સુગ્રીવે જરાક અટકીને જુદી જુદી જાતની લાગણીનો અનુભવ કરતાં આગળ ચલાવ્યું : 'પરંતુ બહાર પરિસ્થિતિ જુદી જ હતી. વિજયની ગર્જના કરતો એ કિષ્કિંધામાં પ્રવેશ્યો ત્યારે એને ખબર પડી કે બધું દૃશ્ય બદલાઇ ગયું છે. વાત એમ હતી કે કિષ્કિંધાના પ્રજાજનો અને મંત્રીઓએ વાલીની દીર્ઘકાળ સુધી પ્રતીક્ષા કર્યા પછી એના પાછા આવવાની આશા છોડી દીધી, અને મારી ઉપરાઉપરી ખૂબ જ આનાકાની છતાં, વાલીની જગ્યાએ રાજ્યગાદી પર મારો અભિષેક કરી દીધો.'

એમાં મારો દોષ ન હતો. મને રાજ્ય, સત્તા કે પ્રતિષ્ઠાની લાલસા ન હતી. મારે પ્રજાના દબાણને ફક્ત વશ થવું પડેલું એટલું જ, પરંતુ એનું પરિણામ ધાર્યા કરતાં ઘણું વિપરીત આવ્યું. એનું સ્મરણ કરતાં મારું કાળજું કઠોર હોવા છતાં કંપી ઊઠે છે.'

'વાલીને મારા રાજ્યાભિષેકની ખબર પડી એટલે એના ક્રોધનો પાર ન રહ્યો. એનું અંતર સળગી ઊઠયું. એણે માની લીધું કે રાજ્યસુખની લાલસાથી પ્રેરાઇને જ એની સાથે દગો રમીને ગુફાનું પ્રવેશદ્વાર બંધ કરીને

# * આધ્યાત્મિક વિકાસ *

તમારામાં આધ્યાત્મિક વિકાસ માટેની સાચી અભિપ્સા કે લગની હશે તો એનો વિકાસ આપોઆપ થતો રહેશે. મારી સૂચના એટલી જ છે કે વાતાવરણને તમે કદી પણ વધારે પડતું મહત્ત્વ ન આપી દેતા. સર્વત્રકાળે અનુકૂળ વાતાવરણ તો કોઈક બડભાગીને જ મળવાનું. એટલે એમાંથી માર્ગ કાઢવાનો વિકલ્પ જ બાકી રહે છે. વાતાવરણને બને તેટલું સુધારવાનો પ્રયાસ કરી શકાય છે. એની સાથે સાથે, આત્મબળને વિકસાવવા માટે, અનુભવી મહાપુરુષોનો સમાગમ કરતા રહેવું જોઈએ. એથી અદ્‌ભુત લાભ થઈ રહે છે. એવા પુરુષોનો સમાગમ સુલભ ના હોય તો પ્રકાશ અને પ્રેરણા પૂરા પાડનારા સદ્‌ગ્રંથોનું વાંચનમનન કરવું જોઈએ. એ ઉપરાંત, રોજ નિયમિત રીતે એક કલાક કે ઓછામાં ઓછા અર્ધો કલાક પ્રાર્થના, જપ કે ધ્યાન જેવી વ્યક્તિગત સાધનામાં ગાળવો જોઈએ. અર્ધા કલાક કે કલાક લગી થતી નિયમિત સાધના, લાંબા વખતે તમારી અંદર શુભ સંસ્કારોનો એવો સ્થિર, અને પ્રબળ પ્રવાહ પેદા કરશે જેની સાત્ત્વિક અસર તમને જણાયા વિના રહેશે નહિ. એ સંસ્કારો જ તમને આગળ વધવામાં મદદરૂપ થશે. જેમને ઉન્નતિ કરવી છે તેમને કોઈ જ રોકી શકે તેમ નથી. ફક્ત તેમણે સતત સાવધ કે જાગ્રત રહીને પુરુષાર્થ કરવો જોઈએ, આજ લગી એવી રીતે પુરુષાર્થ કરીને કેટલાય સાધકો સિદ્ધિ પ્રાપ્તિ કરી ગયા છે. તમે પણ જો નિશ્ચય કરશો તો કેમ નહિ કરી શકો?

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧

હું કિષ્કિંધામાં પાછો આવ્યો છું. મારા મનમાં ઊંડે ઊંડે રાજ્યની પ્રાપ્તિ કરવાની જ વાસના હતી એવું એણે ચોક્કસપણે માની લીધું.'

'પછી તો જે થયું એનું અનુમાન સહેલાઈથી કરી શકાય છે. એણે મને કેટલીય જાતનાં કઠોર વચનો કહી સંભળાવ્યાં, મને ગાદી પરથી ઉતારી પાડયો, ને ભયંકર માર માર્યો. એણે મારી સંપત્તિ તો લૂંટી લીધી, પણ મારી સ્ત્રીનું પણ હરણ કર્યું એટલાથી એને તૃપ્તિ ન વળી એટલે મારો વધ કરવા માટે એણે તૈયારી કરી. એને લીધે બીજો કોઈ રસ્તો ન દેખાતાં, મારા જીવનની રક્ષા માટે હું ના છૂટકે નગર તથા સ્વજનોને છોડીને બહાર નીકળ્યો. મારા હનુમાન જેવા વફાદાર સાથીઓએ પોતાના અંગત સુખોપભોગની પરવા કર્યા વિના મારું અનુસરણ કર્યું. તેને માટે તેમના જેટલા ગુણ ગાઉં એટલા ઓછા છે. હું તેમનો હંમેશનો ઋણી છું. સુખ, સાહેબી અને સંપત્તિના દિવસોમાં તો સાથ આપનારા હજારો મિત્રો મળી આવે, પણ દુઃખ, દુર્દિન અથવા વિપત્તિના વખતમાં સાથે રહેનાર તો કોઈક વિરલ જ હોય. એમણે અણીના વખતે મારી મદદ કરી છે એટલે એમને મારાથી નહિ ભૂલી શકાય.'

હનુમાને કહ્યું : 'અમે તમને કોઈ જ વિશેષ મદદ નથી કરી. અમે તો ફક્ત અમારો ધર્મ જ બજાવ્યો છે. સત્ય અને અસત્ય, ન્યાય અને અન્યાય, તથા નીતિ અને અનીતિની વચ્ચે પસંદગી કરવાનો અને એમાંથી ઈચ્છાનુસાર કોઈ એકનો પક્ષ લેવાનો અવસર અમારા જીવનમાં ઉપસ્થિત થયેલો. અમે એ અવસરનો લાભ લઈને ન્યાય, નીતિ અને સત્યને પડખે ઊભા રહ્યા છીએ એટલું જ. એથી અમે તમારા પર કોઈ જાતનો ઉપકાર નથી કર્યો. અમે અમારા માનવોચિત કર્તવ્યનું પાલન કર્યું છે, અને એથી અમને શાંતિ મળી છે. એથી વિશેષ પુરસ્કાર બીજો કયો જોઈએ? રાજ્ય-સુખ, સાહેબી તથા સંપત્તિ પરિવર્તનશીલ અને નશ્વર છે. એકમાત્ર ધર્મ જ અટલ અને અમર છે. માટે તેનો પક્ષ લેવામાં ને તેના પાલનમાં પ્રમાદ ન જ કરવો જોઈએ એવો મહર્ષિ મતંગનો ઉપદેશ હતો. અમે એ જીવનોપયોગી ઉપદેશનો અમલ જ કર્યો છે.' (ક્રમશઃ)

## * મંત્રજાપ *

ઈશ્વરનાં નામ અનંત છે. તેમાંથી પોતપોતાની રુચિ કે પસંદગી પ્રમાણેના નામને સૌ જપે છે ને તેની જ ભલામણ કરે છે. તુલસીને રામનામ સૌથી સારું અથવા અનુકૂળ લાગ્યું, તો સુરદાસને શ્યામનું. રામકૃષ્ણદેવને માનું નામ વધારે ગમતું તો પુષ્પદંત, ત્રૈલંગ સ્વામી ને સિદ્ધારૂઢને શંકરનું. તે પ્રમાણે કોઈને ઈશુ, બુદ્ધ કે બીજું નામ પણ ગમે. તે પરથી એમ નથી સમજવાનું કે બીજાં નામ તેમને નથી ગમતાં ને તેમને તે મહત્ત્વનાં નથી માનતા. બધાં નામ ઈશ્વરનાં હોવાથી તેમને ગમે છે, તથા સૌનું મહત્ત્વ તેમને મન સરખું હોય છે. તો પણ પોતાની પ્રકૃતિ, રુચિ કે સાધના પદ્ધતિનો વિચાર કરીને ને અમુક એક નામનો આધાર લે છે ને તેની મદદથી આગળ વધે છે. આ વાતને વિસરીને મંત્રોને નામે માણસોએ ચડસાચડસી, સ્પર્ધા કે કટુતા ઊભી કરી છે, એ ખરેખર ખેદજનક છે. એ સ્પર્ધામાં મોટા ભાગના માણસો મંત્રોની મદદથી માનસિક શાંતિ ને પ્રભુની પ્રાપ્તિની મહત્ત્વની વાતને ભૂલી ગયાં છે. પોતાને ફાવતા ને પસંદ પડતા મંત્રને સૌ સર્વોત્તમ ઠરાવવાની હરિફાઈ કર્યા કરે છે. પરંતુ બધા જ મંત્રો એકસરખી શક્તિવાળા ને સર્વોત્તમ જ છે. તમને જે પસંદ પડે તેને પકડી લો. એટલે તમારે માટે તે ચમત્કારિક સાબિત થશે ને જરૂરી કામ કરી દેશે. મુખ્ય વાત તમારી ભાવના ને શ્રદ્ધાની છે. મંત્રને બળવાન ને સજીવ તે જ કરશે. માટે તેને પ્રબળ ને અડગ કરો. જુઓને તેના પ્રભાવથી વાલ્મિકી ઉલટા જપ કરીને જાણે ઈશ્વરને મેળવી શક્યા. તેવી જ રીતે કોઈ પણ કરીને સિદ્ધિ મેળવી શકે છે. પ્રેમ, લગન ને શ્રદ્ધા સાથેનો સમર્પણભાવ જોઈએ.

યોગેશ્વરજી